dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 259 | AD - 2024, Jeth Sud - 15 | Saturday, Dt.22-06-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### યોગ એ માત્ર જ્ઞાન નથી પણ એક વિજ્ઞાન પણ છે : પ્રધાનમંત્રી મોદી

## વિશ્વ યોગ દિવસ નિમિત્તે શ્રીનગરમાં યોગ કરતા પ્રધાનમંત્રી

(એ.આર.એલ),શ્રીનગર,તા.૨૧

ઈન્ટરનેશનલ યોગ દિવસ પ્રસંગે વડાપ્રધાને શ્રીનગરમાં યોગ કર્યા. આ કાર્યક્રમ દાલ લેકના કિનારે યોજાવાનો હતો, પરંતુ વરસાદના કારણે કાર્યક્રમને હોલમાં ખસેડવામાં આવ્યો હતો. અગાઉ કાર્યક્રમ સવારે ૬:૩૦ વાગ્યે શરૂ થવાનો હતો પરંતુ તે સવારે ૮ વાગ્યાની આસપાસ શરૂ થયો હતો. ઓપન એરિયામાં વડાપ્રધાન મોદી ૭ હજાર લોકો સાથે યોગ કરવાના હતા, પરંતુ વરસાદને લીધે હોલમાં શિફ્ટ થવાને કારણે માત્ર ૫૦ લોકોએ જ ભાગ લીધો હતો.

આ પ્રસંગે પીએમે કહ્યું- યોગની યાત્રા ચાલુ રહે છે. આજે વિશ્વમાં યોગ કરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. યોગ એ માત્ર જ્ઞાન નથી પણ એક વિજ્ઞાન પણ છે. આવી સ્થિતિમાં એક વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ બની રહ્યું છે. તેનો ઉકેલ પણ યોગમાં રહેલો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે વિશ્વ યોગની શક્તિને ઓળખે છે. વિશ્વ યોગને વૈશ્વિક સુખાકારી માટે એક શક્તિશાળી એજન્ટ તરીકે જુએ છે. તે લોકોને ભૂતકાળનો બોજ વહન કર્યા વિના વર્તમાનમાં જીવવામાં મદદ કરે છે. પીએમ મોદીએ શ્રીનગરના એસકેઆઈસીસી ખાતે ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના મુખ્ય સમારોહને સંબોધિત કરતી વખતે આ વાત કહી.

વડાપ્રધાને કહ્યું કે યોગે લોકોને અહેસાસ કરાવ્યો છે કે તેમની સુખાકારી તેમની આસપાસની દુનિયાની સુખાકારી સાથે જોડાયેલી છે. વડાપ્રધાને કહ્યું, 'વિશ્વ યોગને વૈશ્વિક સુખાકારી માટે એક શક્તિશાળી એજન્ટ તરીકે જોઈ રહ્યું છે. યોગ આપણને ભૂતકાળનો બોજ વહન કર્યા વિના વર્તમાન ક્ષણમાં જીવવામાં મદદ કરે છે. વડાપ્રધાને કહ્યું, જ્યારે આપણે અંદરથી શાંતિપૂર્ણ હોઈએ છીએ, ત્યારે આપણે વિશ્વ પર પણ સકારાત્મક અસર કરી શકીએ છીએ. યોગ સમાજમાં સકારાત્મક પરિવર્તનના



નવા માર્ગો બનાવે છે.'

વડાપ્રધાને કહ્યું કે વિશ્વભરમાં યોગ કરનારા લોકોની સંખ્યા દરરોજ વધી રહી છે અને આ દિનચર્યા તેમના રોજિંદા જીવનનો એક ભાગ બની રહી છે. પીએમએ કહ્યું, 'યોગ કરનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. હું જ્યાં પણ જાઉં છું ત્યાં ભાગ્યે જ કોઈ (આંતરરાષ્ટ્રીય) નેતા હશે જે યોગના ફાયદા વિશે મારી સાથે વાત ન કરે.

તુર્કમેનિસ્તાન, સાઉદી અરેબિયા, મંગોલિયા અને જર્મનીના ઉદાહરણ આપતા પીએમ મોદીએ કહ્યું કે, "યોગ ઘણા દેશોમાં લોકોના રોજિંદા જીવનનો એક ભાગ બની રહ્યો છે. ધ્યાનનું આ પ્રાચીન સ્વરૂપ ત્યાં વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યું છે. તેમના સંબોધનમાં, વડાપ્રધાને ૧૦૧ વર્ષીય ફ્રેન્ચ મહિલા ચાર્લોટ ચોપિનનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમને તેમના દેશમાં યોગને લોકપ્રિય બનાવવાની તેમની સેવાઓ માટે પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. વડાપ્રધાને જણાવ્યું હતું કે યોગના વૈશ્વિક પ્રસારને કારણે તેના વિશેની ધારણામાં પરિવર્તન આવ્યું છે કારણ કે વધુ લોકો તેના વિશે અધિકૃત માહિતી મેળવવા માટે ભારતની યાત્રા કરી રહ્યા છે. તેમણે કહ્યું, 'અમે હવે ઉત્તરાખંડ અને કેરળ જેવા રાજ્યોમાં યોગ ટુરિઝમ જોઈ રહ્યા છીએ. લોકો ભારત આવી રહ્યા છે કારણ કે તેઓને અધિકૃત યોગ જોવા મળે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે યોગ આજે લોકોને સામનો કરી રહેલી ઘણી સમસ્યાઓનું સમાધાન આપે છે. યોગ માત્ર જ્ઞાન જ નથી પણ એક વિજ્ઞાન પણ છે. માહિતી ક્રાંતિના આ યુગમાં માહિતી સ્ત્રોતોનું પૂર છે અને માનવ મન માટે એક વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવું એક પડકાર છે. આનો ઉકેલ પણ યોગમાં રહેલો છે કારણ કે તે મનને એકાગ્ર કરવામાં મદદ કરે છે.

વડાપ્રધાને કહ્યું કે સેનાથી લઈને રમતગમત જગત સુધી દરેક વ્યક્તિએ યોગને પોતાની દિનચર્યામાં સામેલ કર્યો છે. વડાપ્રધાને કહ્યું કે અવકાશયાત્રીઓ અને અવકાશ પ્રોજેક્ટ્સ પર કામ કરતા લોકોને પણ યોગની તાલીમ આપવામાં આવે છે કારણ કે તેનાથી ઉત્પાદકતા તેમજ સહનશક્તિ વધે છે.

તેમણે કહ્યું કે ઘણી જેલોમાં કેદીઓને યોગ પણ શીખવવામાં આવે છે જેથી તેઓ સકારાત્મક વિચાર કરી શકે. પીએમ મોદીએ સંતોષ વ્યક્ત કર્યો કે જમ્મુ અને કાશ્મીરના લોકો પણ યોગ અપનાવી રહ્યા છે, જે કેન્દ્રશાસિત પ્રદેશના પ્રવાસન ક્ષેત્રને મદદ કરશે.

### સ્વિસની સેન્ટ્રલ બેન્કે ભારતીય કંપની અને વ્યક્તિઓના ડેટા જાહેર કર્યા

## સ્વિસ બેંકમાં ભારતીયોના ભંડોળમાં સતત બીજા વર્ષે ઘટાડો : રકમ ૭૦% ઘટીને ૯,૭૭૧ કરોડે પહોંચી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

સ્વિટ્ઝર્લેન્ડની સેન્ટ્રલ બેંકના વાર્ષિક ડેટા દર્શાવે છે કે ભારતીય વ્યક્તિઓ અને કંપનીઓ દ્વારા સ્વિસ બેંકોમાં સ્થાનિક શાખાઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ દ્વારા રાખવામાં આવેલ નાણાં ૭૦ ટકા ઘટીને ૨૦૨૩માં ૧.૦૪ અબજ સ્વિસ ફ્રેંક એટલે કે રૂપિયા ૯,૭૭૧ કરોડના નીચલા સ્તરે પહોંચ્યા છે.

સ્વિસ બેંકોમાં ભારતીય ગ્રાહકોના કુલ ભંડોળમાં સતત બીજા વર્ષે ઘટાડો થયો છે. ૨૦૨૧માં તે ૩.૮૩ બિલિયન ફ્રેંકની ૧૪ વર્ષની ટોચે પહોંચી



હતી. આ ઉપરાંત ભારતની અન્ય બેંક શાખાઓ મારફત ગ્રાહકોના ડિપોઝિટ ખાતાઓ અને ભંડોળમાં થાપણોમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

આ સ્વિસ નેશનલ બેંકને બેંકો દ્વારા આપવામાં આવેલા સત્તાવાર આંકડા છે અને તે સ્વિત્ઝર્લેન્ડમાં ભારતીયો દ્વારા રાખવામાં આવેલા બહુચર્ચિત કાળા નાણાની સંખ્યા દર્શાવતા નથી. આ આંકડાઓમાં ભારતીયો, એનઆરઆઈ અથવા અન્ય લોકોના ત્રીજા દેશની સંસ્થાઓના નામે સ્વિસ બેંકોમાં રહેલા નાણાંનો પણ સમાવેશ થતો નથી.

સ્વિસ નેશનલ બેંકે તેના ડેટામાં જણાવ્યું છે કે તેની પાસે ૨૦૨૩ના અંતે ૧,૦૩૯.૮ મિલિયન સ્વિસ કરન્સી ફ્રેંકની ભારતીયોની કુલ જવાબદારીઓ છે. બેંકે તેને કુલ જવાબદારીઓ અથવા બાકી રકમ તરીકે ઓળખાવી છે. બેંક અનુસાર, આ રકમમાં ગ્રાહકની થાપણોના રૂપમાં ૩૧૦ મિલિયન ફ્રેંક, અન્ય બેંકો દ્વારા ૪૨૭ મિલિયન ફ્રેંક, ટ્રસ્ટ દ્વારા ૧૦ મિલિયન ફ્રેંક અને બોન્ડ, સિક્યોરિટીઝ અને અન્ય નાણાકીય સાધનોના રૂપમાં ૩૦૨ મિલિયન ફ્રેંકનો સમાવેશ થાય છે.

### બીજેપી અધ્યક્ષે કેન્દ્રીય ગૃહમંત્રીને પત્ર લખી તપાસની માંગ કરી

## તમિલનાડુમાં લઠ્ઠાકાંડનો મૃત્યાંક ૪૭એ પહોંચ્યો : વિધાનસભામાં વિપક્ષોનો હોબાળો

(એ.આર.એલ),ચેન્નાઈ,તા.૨૧

તમિલનાડુમાં ભેળસેળવાળો દારૂ પીવાથી અત્યાર સુધીમાં ૪૭ લોકોના મોત થયા છે. રાજ્યમાં આ મુદ્દો ચર્ચામાં છે અને શુક્રવારે જ્યારે વિધાનસભા સત્ર શરૂ થયું ત્યારે પણ વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. ઘણા ધારાસભ્યોને બળજબરીથી વિધાનસભાની બહાર ફેંકી દેવામાં આવ્યા હતા અને બાદમાં પાછા બોલાવવામાં આવ્યા હતા. અહીં વિધાનસભાનું સત્ર ૨૯ જૂન સુધી ચાલવાનું છે. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં આ મુદ્દે ચર્ચા નિશ્ચિત છે. આ કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જેમને ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. તમિલનાડુ બીજેપી અધ્યક્ષ અન્નામલાઈએ પણ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને સમગ્ર મામલાની સીબીઆઈ તપાસની માંગ કરી છે.

તમિલનાડુ વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન, અખિલ ભારતીય અન્ના દ્રવિડ મુનેત્ર



કઝગમ (એઆઈએડીએમકે) ના સભ્યોએ કલ્લાકુરિચીમાં ગેરકાયદેસર દેશી દારૂની ઘટનાનો મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો, જેના પછી ઘણા પક્ષના સભ્યોને ગૃહની બહાર ફેંકી દેવામાં આવ્યા. બાદમાં મુખ્યમંત્રી સ્ટાલિનની અપીલ બાદ વિપક્ષી સભ્યોની હકાલપટ્ટી રદ કરવામાં આવી હતી. તમિલનાડુ વિધાનસભામાં વિપક્ષના નેતા કે. પલાનીસ્વામીએ બાદમાં જણાવ્યું હતું કે સત્ર દરમિયાન એઆઈએડીએમકે સભ્યોએ કલ્લાકુરિચીમાં ગેરકાયદેસર દેશી દારૂની ઘટનાનો મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ "અમને તેમ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી અને પાર્ટીના સભ્યોને બહાર ફેંકી દેવામાં આવ્યા હતા.

### કેજરીવાલને જામીન આપવાના ટ્રાયલ કોર્ટના આદેશ સામે ઈડીએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી

## હાઈકોર્ટમાં સુનવણી ન થાય ત્યાં સુધી કેજરીવાલ જેલમાં રહેશે

નવીદિલ્હી,તા.૨૧

દિલ્હી એક્સાઈઝ પોલિસી મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને જામીન આપવાના ટ્રાયલ કોર્ટના આદેશ સામે ઈડીએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. ઈડીએ આ કેસની તાત્કાલિક સુનાવણીની માંગ કરી છે. હાઈકોર્ટ ઈડીની અરજી પર સુનાવણી કરવા સંમત થઈ છે.

ઈડીનો દાવો છે કે અમને અરવિંદ કેજરીવાલની જામીન અરજીનો વિરોધ કરવાની પૂરી તક આપવામાં આવી નથી, તેથી નીચલી કોર્ટના જામીનના નિર્ણય પર રોક લગાવવી જોઈએ. અરવિંદ કેજરીવાલના વકીલોએ ઈડીના વકીલને સલાહ આપી કે તમારે કોર્ટના નિર્ણયને સન્માન સાથે સ્વીકારવો જોઈએ. હાઈકોર્ટની સુનાવણી બાદ જ સ્પષ્ટ થશે કે અરવિંદ કેજરીવાલને આજે મુક્ત કરવામાં આવશે કે નહીં. દિલ્હી હાઈકોર્ટનું કહેવું છે કે જ્યાં સુધી તે સીએમ કેજરીવાલને આપવામાં આવેલા જામીનને પડકારતી ઈડીની અરજી પર સુનાવણી નહીં કરે ત્યાં સુધી ટ્રાયલ



કોર્ટના આદેશને પ્રભાવિત કરવામાં આવશે નહીં. દિલ્હી એક્સાઈઝ પોલિસી મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને જામીન આપવાના ટ્રાયલ કોર્ટના આદેશ સામે ઈડી દિલ્હી હાઈકોર્ટમાં ગઈ હતી

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે કેજરીવાલના જામીન વિરુદ્ધ હાઈકોર્ટમાં ઈડીના જવા અંગે કહ્યું, 'મોદી સરકારની ગુંડાગીરી જુઓ, ટ્રાયલ કોર્ટનો આદેશ હજુ આવ્યો નથી, આદેશની નકલ પણ નથી મળી. આ દેશમાં શું થઈ રહ્યું છે? તમે ન્યાય પ્રણાલીની મજાક કેમ ઉડાવી રહ્યા છો, આખો દેશ તમને જોઈ રહ્યો છે?

ગુરુવારે, દિલ્હી રાઉઝ એવન્યુ કોર્ટે મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં જામીન આપીને મોટી રાહત આપી છે. આ પહેલા સુપ્રીમ કોર્ટે કેજરીવાલને લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે જામીન આપ્યા હતા. જે બાદ તેણે ૨ જૂને આત્મસમર્પણ કર્યું હતું.







## નાણામંત્રી સીતારમણ સંપૂર્ણ બજેટ પહેલા સંસદમાં આર્થિક સર્વેક્ષણ રિપોર્ટ રજૂ કરશે

નવીદિલ્હી,તા.૨૧

નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતા મહિને ૨૦૨૪નું બજેટ રજૂ કરશે. આ સંપૂર્ણ બજેટ હશે. આ પહેલા સરકારે ફેબ્રુઆરી ૨૦૨૪માં લોકસભા ચૂંટણી પહેલા વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. અહેવાલો અનુસાર કેન્દ્રીય બજેટ ૨૦૨૪ નાણા મંત્રી નિર્મલા સીતારમણ ૨૨ જુલાઈએ સંસદમાં રજૂ કરી શકે છે. અહેવાલ મુજબ આર્થિક સર્વે દસ્તાવેજ ૩ જુલાઈના રોજ જાહેર થવાની સંભાવના છે. બજેટ પહેલા નાણા મંત્રાલય સંસદ સમક્ષ અન્ય એક મહત્વપૂર્ણ દસ્તાવેજ રજૂ કરે છે જેને આર્થિક સર્વે કહે છે. આ સર્વે મુખ્ય આર્થિક સલાહકાર દ્વારા બહાર પાડવામાં આવે છે અને નાણામંત્રી દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવે છે તે હંમેશા કેન્દ્રીય બજેટના એક દિવસ પહેલા રજૂ કરવામાં આવે છે.

પ્રથમ આર્થિક સર્વે ૧૯૫૦-૫૧માં કેન્દ્રીય બજેટના ભાગ રૂપે રજૂ કરવામાં આવ્યો હતો.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૨-૦૬-૨૦૨૪

# જિલ્લાભરમાં યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

અમરેલી, તા.૨૧

દેશભરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના અનુસંધાને અમરેલી જિલ્લામાં દરેક તાલુકા અને ગ્રામ્ય સ્તરે પણ યોગ દિવસ નિમિત્તે કાર્યક્રમો યોજાયા હતા. જેમાં અમરેલી સહિત સાવરકુંડલા, લાઠી અને બાબરા જેવા શહેરમાં વિવિધ સ્થળોએ ઉજવણી કરાઈ હતી. સાવરકુંડલામાં ઓપન એર થિયેટર જનતા બાગ પાસે તાલુકા કક્ષાની ઉજવણી અધિકારીઓ અને શહેરીજનોની ઉપસ્થિતિમાં કરાઈ હતી. જયારે બાબરામાં શહેર ભાજપ દ્વારા વડલીવાળા મેલડી માતાના મંદિરે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર વગેરેની ઉપસ્થિતિમાં આયોજન કરાયુ હતું. તેમજ બાબરાના અમરાપરા ગામે પ્લોટ શાળા અને પે સેન્ટર શાળામાં નીતિનભાઈ રાઠોડ, અમરાપરા સરપંચ અશોકભાઈ અસલાલીયા સહિતની ઉપસ્થિતિમાં યોગ કરી યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે યોગ દિવસ નિમિત્તે લીલીયા મોટાની તાલુકા પંચાયત કચેરીના ગ્રાઉન્ડમાં લીલીયા તાલુકાના યોગ કોચ કમળાબેન ભરતભાઈ હેલૈયા દ્વારા વિવિધ યોગ કરાવવામાં આવેલ. આ તકે લીલીયા ઈન્ચા. મામલતદાર પંકજ બારૈયા, ના.મા. વિપુલભાઈ મહેતા, ના.મા. આશિષ ગોસાઈ, TDO તુષાર રાદડિયા, PSI.એસ.આર ગોહિલ, ડો. કેતન કાનપરીયા, ડો. તોમર, લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી જીગ્નેશ સાવજ, ભરતભાઈ હેલૈયા, હિતેશ પરમાર સહિતની ઉપસ્થિતિ રહી હતી.







## શ્રી ભોજલરામ નાગરિક શ.સ.મંડળીની રવિવારે સાધારણ સભા યોજાશે

અમરેલી,તા.૨૧

અમરેલી સહિત જિલ્લામાં પાંચ શહેરોમાં કાર્યરત એવી શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળીની સાતમી વાર્ષિક સાધારણ સભા આગામી તા.૨૩ને રવિવારે સવારે ૯:૩૦ કલાકે પટેલ વાડી, શીવાજી નગર સાવરકુંડલા મુકામે યોજાશે. આ સાધારણ સભામાં છઠ્ઠી સાધારણ સભામાં થયેલ ઠરાવ ૧થી ૪ વંચાણે લઈ બહાલી આપવા બાબતે ચર્ચા કરવામાં આવશે તેમજ તા.૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ પૂર્ણ થયેલ નાણાકીય વર્ષના અંતે થયેલ નફા-નુકસાન ખાતા તથા સરવૈયાના હિસાબોને મંજૂરી કરી બહાલી આપવામાં આવશે. જેથી શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળીની સાતમી વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહેવા સભાસદોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## સર્વોદય સરસ્વતી મંદિર દ્વારા વિશ્વ રક્તદાન દિવસની ઉજવણી

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના તાતણિયા ગામમાં આવેલ સર્વોદય સરસ્વતી મંદિર દ્વારા સંચાલિત જનતા વિદ્યાલયમાં ૧૪ જુલાઈ ૨૦૨૪ ના રોજ વિશ્વ રક્તદાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ પૂજ્ય બા દાદા એન.એસ.એસ. યુનિટ, કરુણા કલબ, ગ્રાહક સુરક્ષા કલબ અને ઈકો ક્લબના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો દ્વારા બાળકોને રક્તદાન કેટલું મહત્વનું છે તે સમજાવવામાં આવ્યું હતું. બાળકોને રક્તદાન સંબંધિત રસપ્રદ માહિતી ("ટ્રીવીયા") આપવામાં આવી હતી. રક્તદાન સંબંધિત ૨૫ પ્રશ્નોની ક્વિઝ યોજાઈ હતી જેમાં ૮ બાળકોએ ભાગ લીધો હતો. બાળકોએ રક્તદાનના મહત્વને દર્શાવતા ચિત્રો બનાવ્યા હતા. બાળકોમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ વધારવા માટે "DayLearnings" ચેનલનો એક વીડિયો બતાવવામાં આવ્યો હતો. બાળકોને રક્તદાનની મૂળભૂત માહિતી આપવા માટે એક લેખ અને કેટલાક ઈન્ફોગ્રાફિક્સ શેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર બધા બાળકોને શાળા દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત શાળામાં આવતા વર્ષે નિયમિત રક્તદાન કરનારા લોકોનું સન્માન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### ટીઆરબી જવાનોની કામગીરી સામે પણ સવાલો ઉઠયા

## બગસરામાં પોલીસની નબળી કામગીરીથી જાહેરનામાનો ભંગ

બગસરા,તા.૨૧

બગસરા શહેરમાં પોલીસની મીઠી નજર હેઠળ દારૂના વેચાણ સાથે હવે જાહેરનામાનો પણ સરેઆમ ભંગ થઈ રહ્યો છે. શહેરમાં ટ્રાફિક સમસ્યા વકરી હોવા છતાં પોલીસ માત્ર મૂકતમાશો જોતી હોવાથી પોલીસની કાર્યશૈલી સામે સવાલો ઉભા થયા છે. બગસરામાં બેરોકટોક દેશી અને વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યુ છે. દારૂ પી છાકટા બનેલા યુવાનો બસ સ્ટેશનમાં આંટા મારે છે તેમજ શહેરમાં સવારના ૮ થી ૧૨ અને બપોરના ૪ થી ૮ વન-વે માટે કલેકટરનું જાહેરનામુ હોવા છતાં એસ.ટી.બસના ડ્રાઈવરો જાહેરનામાનો ઉલાળીયો કરી રહ્યાં છે. શહેરમાં ટ્રાફિક નિવારવાની જવાબદારી ટીઆરબી જવાનોને સોંપવામાં આવી છે. જુના બસ સ્ટેશનના ખૂણા પર બે ટ્રાફિક જવાનો ફરજ બજાવતા હોવા છતાં એસ.ટી.બસના ચાલકો વન-વેમાં ઘૂસી જાય છે તેમજ થોડે દૂર આવેલી ચાની હોટલ પાસે બસ ઉભી રાખી ચાની ચુસ્કી લઈ રહ્યાં છે. આ બાબતે એક જાગૃત નાગરિક દ્વારા એસ.ટી.ના ડ્રાઈવરને વન-વે વિશે જણાવતા ડ્રાઈવરે નાગરિક સાથે ઉધ્ધત વર્તન કરતા જાગૃત નાગરિક દ્વારા આ બાબતે પોલીસ સ્ટેશનને અરજી પણ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે. ચાની હોટલ પર બસ ઉભી રહેતી હોવા છતાં ટીઆરબી જવાનો કોઈ કામગીરી કરતા નથી. જેના લીધે ટ્રાફિકની સમસ્યા વકરી છે. શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ થતા વાહનો સામે પોલીસ કડક હાથે કામગીરી કરે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યાં છે.

**એસ.ટી. બસ ચાલકો વન-વેમાં ઘૂસી, હોટલ પર ચાની ચુસ્કી લઈ રહ્યાં છે**

### એક પી.આઈ અને પીએસઆઈની નિમણૂંક

બગસરામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડા દ્વારા એક પી.આઈની સાથે બે પીએસઆઈની નિમણૂંક કરવામાં આવી છે પરંતુ આમ છતાં પોલીસ દ્વારા કોઈ જ પ્રકારનું પેટ્રોલીંગ હાથ ધરવામાં આવતું નથી. જેના કારણે દારૂડીયાઓ છાકટા બન્યા છે અને એસ.ટી. ડ્રાઈવરો વન-વેનો ખુલ્લેઆમ ભંગ કરી રહ્યાં છે. વન-વેનો ભંગ કરનારા એસ.ટી.ડ્રાઈવરો સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી કે બસ પણ ડીટેઈન કરવામાં આવતી ન હોવાની ફરિયાદો ઉઠી છે.

### ટ્રાફિક જવાનો એક જગ્યાએ જ બેસી રહે છે

બગસરા શહેરમાં ટ્રાફિક નિયમનની જવાબદારી જેના શિરે આપવામાં આવી છે તે ટ્રાફિક જવાનો ફક્ત એક જ જગ્યાએ બેસતા હોવાનું જાણવા મળ્યુ છે. ટ્રાફિક કરતા વાહનોને દૂર કરવાની ટીઆરબી જવાનો તસદી પણ લેતા નથી. આ બાબતે અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા ટ્રાફિક સમસ્યા શહેરીજનો માટે માથાનો દુ:ખાવો બની છે.

### અધ્યક્ષ તરીકે મનિષભાઈ સંઘાણી, ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલા, માનદ મંત્રી તરીકે જયંતિભાઈ વઘાસીયા ચૂંટાયા

## અમરેલી જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં બોર્ડ ઓફ ડીરેક્ટર બિનહરીફ

**સંઘમાં વિજેતાઓને જિલ્લાના આગેવાનોએ અભિનંદન સાથે શુભકામના પાઠવી**

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લા સહકારી સંઘની વ્યવસ્થાપક સમિતિની પાંચ વર્ષ માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં મનીષ સંઘાણી, હરજીભાઈ નારોલા, જયંતીભાઈ વઘાસીયા, અરુણભાઈ પટેલ, અનિલભાઈ કસવાળા, જીગ્નેશભાઈ રામાણી, યોગેશભાઈ બારૈયા, લાલજીભાઈ નાકરાણી, અલ્પાબેન રામાણી, સુનિલભાઈ સંઘાણી, ધીરુભાઈ વાળા, શરદભાઈ પંડ્યા, દેવભાઈ વરૂ, નારણભાઈ ધંધુકિયા, બાબુભાઈ હિરપરા, હરેશભાઈ પટોળીયા સહિતના તમામ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. અઢી વર્ષની ટર્મ માટે અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને માનદ મંત્રીની ચૂંટણી યોજાઈ હતી જેમાં અધ્યક્ષપદ માટે મનીષ સંઘાણી, ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલા અને માનદ મંત્રી પદ માટે જ્યંતિભાઈ વઘાસીયાએ દાવેદારી કરી હતી. જેમાં હરીફ ઉમેદવારે ફોર્મ ન ભરાતા અધ્યક્ષ પદ પર યુવાનેતા મનીષ સંઘાણી, ઉપાધ્યક્ષ પદ પર હરજીભાઈ નારોલા અને માનદ મંત્રી પદ માટે જ્યંતિભાઈ વઘાસીયા બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. જિલ્લાના રાજકીય આગેવાનો અને સહકારી અગ્રણીઓ અમરેલી જિલ્લા સહકારી સંઘની કચેરી ખાતે શુભકામનાઓ પાઠવવા માટે ઉપસ્થિત રહ્યા હતા.



## લીલીયા ખાતે રઘુવીર સેના આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાશે

અમરેલી,તા.૨૧

લીલીયા મોટાના જલારામ મંદિર ખાતે લોહાણા સમાજ લીલીયાના તેજસ્વી બાળકોને પ્રોત્સાહિત અને ઉત્સાહ વધારવા માટે રઘુવીર સેના આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ તારીખ ૨૩-૬-૨૦૨૪ ને રવિવાર સાંજના ૬:૩૦ કલાકે જલારામ મંદિર લીલીયા મોટા ખાતે યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં ધવલભાઈ ભીમજીયાણી બાળકોને માર્ગદર્શન આપશે. સાથે આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા રઘુવીર સેનાના અધ્યક્ષ વિશાલભાઈ સોઢા, ભાવેશભાઈ સોઢા, હિતેશભાઈ માનસેતા, પિયુષભાઈ સોનપાલ, સંજયભાઈ વણઝારા વિશેષ ઉપસ્થિત રહી સમાજના લોકોને માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના તમામ યુવાનો, વડીલો, આગેવાનોને સાથ સહકાર આપવા માટે રઘુવીર સેનાના પ્રમુખ કિરીટભાઈ રવાણી દ્વારા જહેમત ઉઠાવી સહકાર આપવા અનુરોધ કરાયો છે.



## લાલાવદર ગામે યોગ દિવસની ઉજવણી

અમરેલી,તા.૨૧

લાલાવદર પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળાના બાળકો, શિક્ષકો અને ગ્રામજનો દ્વારા યોગ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં લાલાવદર ગામના સરપંચ મંજુલાબેન, ઉપસરપંચ ચેતનભાઈ ધાનાણી, એસએમસીના અધ્યક્ષ કસ્તુરબેન મોરવાડીયા તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
હાઈડ્રોલીક લીફટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની સતત રજૂઆત રંગ લાવી

# અમરેલી સિવિલ હોસ્પિટલની પાછળનો માર્ગ મંજૂર થતા આનંદ

અમરેલી,તા.૨૧

અમરેલીમાં સિવિલ હોસ્પિટલ પાછળ આવેલો રોડ છેલ્લાં ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં હોવાથી આ બાબતે અનેકવાર રજૂઆત કરવા છતાં આ માર્ગનું નવીનીકરણ કરવામાં ન આવતા દર્દીઓ અને રાહદારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં હતા. જો કે આ રોડ બાબતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ માર્ગ બનાવવા માટે રાજય સરકાર સમક્ષ રજૂઆત કરતા ટૂંક સમયમાં જ આ માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવનાર હોવાથી આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. અમરેલી સિવિલ હોસ્પિટલ પાછળના માર્ગ પર બ્લડ બેન્ક સહિતની કચેરીઓ આવેલી છે તેમજ આ લાઠી રોડ પરના દર્દીઓ માટે હોસ્પિટલ જવા માટે આ માર્ગ



ખુબ જ ઉપયોગી હોવાથી રાહદારીઓ આ માર્ગ પરથી જ અવરજવર કરતા હતા તેમજ મેડિકલ કોલેજની હોસ્ટેલ પણ આ માર્ગ પણ આવેલી હોય મેડિકલના વિદ્યાર્થીઓ ભારે હાલાકી ભોગવતા હતા. આ માર્ગના નવીનીકરણ માટે અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી કરવામાં આવતી નહોતી જેથી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ લોકોની હાલાકી સમજી આ માર્ગને મંજૂર કરાવતા હવે ટૂંક સમયમાં આ માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. માર્ગની મંજૂરી મળતા દર્દીઓ, રાહદારીઓ અને મેડિકલના વિદ્યાર્થીઓમાં આનંદ છવાયો છે.

# જિલ્લામાં પ્રોહિબિશન પ્રવૃત્તિ કરનાર શખ્સ પાસામાં ધકેલાયો

ભરતસિંહ નામના શખ્સને મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી દેવાયો

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં પ્રોહિબિશન પ્રવૃત્તિ વધી રહી છે. જેથી આ પ્રવૃત્તિને ડામી દેવા માટે પોલીસે કમર કસી છે. ગેરકાયદે પ્રવૃત્તિ કરનારાઓ સામે કડક હાથે કામ લેવા માટે જિલ્લા પોલીસ વડા દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. જેથી અમરેલી એલસીબીએ પ્રોહિબિશન પ્રવૃત્તિ કરતા



ભરતસિંહ રાજાભાઈ પરમારને ઝડપી પાડયા બાદ તેને પાસા હેઠળ મોકલવા માટે જિલ્લા કલેકટરને દરખાસ્ત મોકલવામાં આવતા કલેકટરે પાસાનું વોરંટ ઈસ્યુ કરતા પોલીસે આ શખ્સને પાસા તળે મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપ્યો છે.

# ચિત્તલ ગામના ખૂનના ગુનાનો આરોપી ૮ વર્ષ બાદ ઝડપાયો

અમરેલી,તા.૨૧

અમરેલી તાલુકાના ચિત્તલ ગામના ખૂનનો આરોપી હરપાલસિંહ અજીતસિંહ સરવૈયા રહે. ચિત્તલવાળાને હાઈકોર્ટ દ્વારા તા.૨૭/૧/૨૦૧૬ના રોજ વચગાળાના જામીન મળતા



મુક્ત થયેલ હતો. આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલમાં હાજર થવાનુ હતું પરંતુ આરોપી જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ જતા અમરેલી એલસીબીએ ટેકનીકલ સોર્સને આધારે ભુજ ખાતેથી ઝડપી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

# અમરેલી તાલુકામાં યોગ દિવસની ઉજવણી: ૨૦૭૬થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

અમરેલી,તા.૨૧

વિશ્વ યોગ દિવસે અમરેલી તાલુકાકક્ષાના યોગ દિવસની ભવ્ય ઉજવણી સ્વામિનારાયણ ગુરુકુલ તરવડા ખાતે થઈ હતી. આ દરમિયાન ૨૦૭૬થી વધુ વિદ્યાર્થીઓએ યોગાસનનો અભ્યાસ કર્યો. કૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ ભારતીય સંસ્કૃતિમાં યોગનું મહત્વ સમજાવ્યું તો કિશોરભાઈ કાનપરિયા અને એમ. નિમાવતે યુવાનોને યોગ



તરફ વળવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં સંતો, કૃષ્ણપ્રિયદાસજી સ્વામી, સંચાલક, તરવડા ગુરુકુલ, કિશોરભાઈ કાનપરિયા, તાલુકા પંચાયત પ્રમુખ, અમરેલી, એમ. નિમાવત, મામલતદાર, અમરેલી, ડી. એચ. પંડ્યા, TDO, અમરેલી, વનરાજભાઈ કોઠીવાળ, પૂર્વ પ્રમુખ, તા.પં. અમરેલી, આશિષભાઈ અકબરી, દંડક, તા.પં.અમરેલી, રાજુભાઈ કાછડિયા, સદસ્ય, તા.પં. અમરેલી, કમલેશભાઈ રાવલ, સુમિતભાઈ કાલરિયા, યોગ શિક્ષક અને ગુરુકુલના શિક્ષકો હાજર રહ્યાં હતાં. ગુરુકુલના વિશાળ પ્રાંગણમાં શિસ્તબદ્ધ રીતે યોગ કરતા વિદ્યાર્થીઓનો નજારો આકર્ષક હતો.

# શેડુભાર ગામે જમીનમાંથી હલાણ કાઢવા મુદ્દે સગાભાઈઓમાં માથાકૂટ

અમરેલી, તા.૨૧

શેડુભાર ગામે જમીનમાંથી હલાણ કાઢવા મુદ્દે સગાભાઈઓમાં માથાકૂટ થઈ હતી. બનાવ અંગે મનસુખભાઈ નાનજીભાઈ બોદર (ઉ.વ.૫૭) એ વિઠ્ઠલભાઈ નાનજીભાઈ બોદર, રમેશભાઈ નાનજીભાઈ બોદર તથા પરેશભાઈ વિઠ્ઠલભાઈ બોદર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓએ તેમને જમીનમાંથી હલાણ કાઢી આપવાનું કહેતા તેમણે જમીન માપણી કરવાનું કહ્યું હતું.

જેથી સારું નહીં લાગતાં ઢીકાપાટુનો માર મારીને ગાળો આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે.વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં ૧૦મો વિશ્વ યોગ દિવસ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો

બગસરા,તા.૨૧

બગસરા શહેરમાં ૧૦મો વિશ્વ યોગ દિવસ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણી મેઘાણી હાઈસ્કૂલ ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા કરવામાં આવી હતી. તાલુકા વહીવટી તંત્ર બગસરા દ્વારા આયોજનને સફળ બનાવવા માટે ખૂબ મોટો સહયોગ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રાંત



અધિકારી, મામલતદાર, પાલિકા પ્રમુખ, બગસરા પોલીસ પીઆઈ, મેઘાણી હાઈસ્કૂલના સ્ટાફ અને બાળકો અને ૫૦૦થી વધુ લોકો આ યોગ દિવસની ઉજવણીમાં હાજર રહ્યાં હતાં.

# અમરેલી જિલ્લા સૈનિક બોર્ડની બેઠક કલેક્ટર કચેરી ખાતે મળી

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા સૈનિક બોર્ડની બેઠક કલેક્ટરની અધ્યક્ષતામાં ૨૦ જૂનના રોજ જિલ્લા સેવા સદન અમરેલી કલેક્ટર ઓફિસ ખાતે યોજાઇ હતી.

આ બેઠકમાં સૈનિકો અને ભૂતપૂર્વ સૈનિકોના વિવિધ પ્રશ્નો મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, કાર્યપાલક ઈજનેરના પ્રતિનિધિ, જિલ્લા પોલીસ અધિક્ષકના પ્રતિનિધિ, જિલ્લા રોજગાર અધિકારી, સભ્ય સચિવ, જિલ્લા સૈનિક બોર્ડ, રવિરાજભાઈ શેખવા, પ્રમુખ- અશ્વમેઘ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, દિનેશભાઈ ભુવા, માલિક- શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ (શીતલ આઈસ્ક્રીમ, અમરેલી), રોહિતભાઈ નરસિંહભાઈ ચોવટીયા, ગ્રુપ ઓફ સૌરાષ્ટ્ર



ઈન્ડસ્ટ્રીઝ, ધવલભાઈ કાબરીયા, શ્રીજી સિમેન્ટ પ્રોડક્ટ્સ, હરેશભાઈ ધાધલ, સરપંચ- વાંકીયા ગામ, હરેશભાઈ તિતોષા, ઉપપ્રમુખ- ડિફેન્સ વેટરન્સ ઓર્ગેનાઈઝેશન, અમરેલી, હિંમતભાઈ મકવાણા, જિલ્લા સેક્રેટરી- સૈનિક સંગઠન, તરુણભાઈ શુક્લ, પ્રમુખ- રક્ષા વિશેષજ્ઞ સંસ્થાન ભારત હાજર રહ્યાં હતાં.

બેઠકનું સંચાલન તરુણભાઈ શુક્લ દ્વારા અને બધા ડોક્યુમેન્ટ્સ અને પરિપત્રોનું વ્યવસ્થાપન હિતેશભાઈ મોભ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં વાવણીલાયક વરસાદની રાહ જોતા ખેડૂતો

લીલીયા, અમરેલી, બાબરા પંથકમાં જ વરસાદ નોંધાયો, બાકી અન્યત્ર માત્ર ઝાપટા

અમરેલી,તા.૨૧

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં અમરેલી જિલ્લામાં હજુ પણ વાવણીલાયક વરસાદ ન નોંધાતા ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે. જિલ્લામાં હજુ પણ કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અમરેલી જિલ્લામાં માત્ર અમરેલી, બાબરા અને લીલીયા પંથકમાં જ હજુ વરસાદ નોંધાયો છે જયારે અન્ય તાલુકાઓમાં માત્ર વરસાદી ઝાપટા પડયા છે. સારા વરસાદની આશાએ ખેડૂતોએ વાવણી પણ કરી નાખી છે પરંતુ હવે વરસાદની આગાહીની વિરૂધ્ધ માત્ર તડકો પડી રહ્યો છે. જેના કારણે ખેડૂતોએ કરેલી વાવણી નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. વાવણી કર્યા પછી વાવણીલાયક વરસાદ ન પડતા ખેડૂતોના જીવ તાળવે ચોંટયા છે ત્યારે મેઘરાજા અમરેલી જિલ્લા પર ઓળઘોળ થાય તેવી ખેડૂતો આશા સેવી રહ્યાં છે.

# ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ દ્વારા યોગ શિબિરનું આયોજન

અમરેલી,તા.૨૧

ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ અમરેલી દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સમાજની વાડીમાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલું જેમાં સમાજનાં ભાઈઓ અને બહેનો જોડાયાં હતાં. આ તકે લતાબેન રૂપારેલીયા, યોગ શિક્ષક, સી.કે. ટાંક, સમાજ મંત્રી, સુરેશભાઈ સોલંકી, સમાજ સંગઠન મંત્રી અને સેવા સંઘ પ્રમુખ,



હિરેનભાઈ સોલંકી, ખજાનચી, જયંતીભાઈ મનાણી, ટ્રસ્ટી, રમણીકભાઈ મારું, કેળવણી મંડળ પ્રમુખ, કિશોરભાઈ આજુગિયા, સેવા સંઘ ઉપપ્રમુખ, મુકેશભાઈ મંડોરા, મંત્રી, ગોપાલભાઈ વનરા, સહમંત્રી, ચેતનભાઈ ચૌહાણ, ખજાનચી, પ્રદીપભાઈ મારુ, અભયભાઈ ગેડિયા, અલ્પેશભાઈ આજુગિયા, પરેશભાઈ સોલંકી, વનીતાબેન સી ટાંક, મહિલા મંડળ અગ્રણી અને ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજના ભાઈઓ અને બહેનો હાજર રહ્યાં હતાં. આ શિબિર સફળ બનાવવા માટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંગઠન મંત્રી સુરેશભાઈ સોલંકી અને સેવા સંઘની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ. ઝોયબભાઈ મુસાજીભાઈ ભારમલ (ઉ.વ.૭૦)નું તા.૨૦-૬-૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે અરવાબેનના શોહર તથા મ.અમિરદ્દીનભાઈ તથા મ.અલીહુસેનભાઈ, બાનુબેન, ખેરુનબેન, હસીનાબેન, મ.જેતુબેન, મ.શહેનાઝબેનના ભાઈ તથા મ. શબ્બીરભાઈ તથા જૈનુંદિનભાઈના બનેવી થાય છે. તેમનું મરહૂમની જીયારત તથા ફાતેહાના સિપારા તા.૨૨-૬-૨૪ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ઈઝઝી મસ્જીદ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ડોળાસા**

સ્વ. હાજુબેન બાબાભાઈ સમા ( ઉંમર વર્ષ ૬૦ )નું તા.૨૦/૬ ના રોજ અવસાન થયું છે. તે ઇમરાનભાઈ સમાં અને સમીમભાઈ સમાંના માતુશ્રી, તે શેરમહમદભાઈ સમાંના ભાભી તેમજ મંજૂરભાઈ, અમીનભાઈના મોટા બા થાય છે. તેમની જીયારત તા.૨૨/૬ ના રોજ રેવદ મુકામે રાખેલ છે.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય,
સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી







વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

**સાંસદનું અભિવાદન તથા બે કર્મચારીઓનો નિવૃતિ સન્માન સમારોહ યોજાયો**

# બગસરાની મેઘાણી હાઈસ્કૂલમાં સ્માર્ટ ક્લાસરૂમનું વિદ્યાર્પણ કરાયું

## અધિકારીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતિ

બગસરા, તા.૨૧

બગસરાની મેઘાણી હાઈસ્કૂલમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહ્યાં હતા. બગસરાની મેઘાણી હાઈસ્કૂલ ખાતે યોજાયેલા ત્રિવિધ કાર્યક્રમમાં નવનિયુક્ત સાંસદ ભરતભાઈ સુતરીયાના અભિવાદન સમારોહની સાથે સ્માર્ટ ક્લાસરૂમનું વિદ્યાર્પણ તેમજ હાઈસ્કૂલના બે કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ગુજરાતના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા સહિતના મહેમાનોના હસ્તે



સ્માર્ટ ક્લાસરૂમનું વિદ્યાર્પણ કરાયુ હતું. આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયા, ચીફ ઓફિસર, રશ્વિનભાઈ ડોડીઆ, આચાર્ય વી.કે. જેઠવા, શહેર અને તાલુકા ભાજપ પ્રમુખ-મહામંત્રીઓ, નગરપાલિકાના સદસ્યો સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓની સાથે મેઘાણી હાઈસ્કૂલનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. નિવૃત થનાર જી.એસ.ગોસાઈ અને પી.એસ.ખાંટનું શાલ તેમજ મોમેન્ટો આપી નિવૃતિ સન્માન કરાયું હતું. શાળાના શિક્ષકો દ્વારા ભેટ આપી નિવૃતિ પછીનું જીવન નિરોગી રહે તેવી શુભકામના પાઠવી હતી.

# રાજુલામાં વગર વરસાદે મેઈન બજારમાં ગટરના પાણી ઉભરાયા

રાજુલા, તા.૨૧



રાજુલા શહેરમાં સવારથી મેઈન બજારમાં ગટરના પાણી ઉભરાતા રાજુલા શહેરની મુખ્ય બજારોમાં ગટરના પાણી વહેતા જોવા મળ્યા હતા. એક તરફ વેપારીઓને સવારના દુકાન ખોલવાનો સમય અને બીજી બાજુ સવારમાં ભગવાનને દીવાબત્તીઓ કરવાનો સમય હોય તેવા સમયે આ ગટરના પાણીમાંથી પસાર થવું પડે છે. વેપારીઓના કહેવા મુજબ ફરિયાદ કોને કરવી અને જ્યારે ફરિયાદ કરવા જઈએ ત્યારે અધિકારીઓ એકબીજાને ખો આપે છે. વોટિંગ સમયે મતદારો પાસે મતની આશા અને અપેક્ષા રાખતા રાજકીય નેતાઓ હવે રાજુલાના આ પ્રશ્ન અંગે ક્યારે જાગૃત થશે તેવી ચર્ચા થઈ રહી છે.

# ચતુરી ગામના પાટીયા પાસે ટ્રકમાં શોર્ટ સર્કિટથી આગ લાગી

ખાંભા, તા.૨૧

ઉનાના નાંદરખ ગામે રહેતા કાંતિભાઈ કલાભાઈ સોલંકી (ઉ.વ.૩૭)એ જાહેર કર્યા મુજબ, તેઓ પોતાના હવાલાવાળો ટ્રક નં.GJ-૧૧-Z-૭૭૩૩ લઈ અમરેલીથી કોડીનાર જતા હતા તે દરમિયાન ખાંભા ગામથી આગળ ચતુરી ગામના પાટીયા પાસે પહોંચતા ટ્રકમાં અચાનક કોઈપણ કારણોસર શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગવાથી ટ્રકના ૧૨ ટાયર, એન્જીન, કેબીન, ચેસીસ તેમજ નાની મોટી વસ્તુઓ તથા વાયરીંગ બળીને રાખ થઈ જતાં રૂ.૧૪,૫૦,૦૦૦નું નુકસાન થયું હતું. ખાંભા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ બી.એમ.વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ડાંગાવદર ગામે 'તે મારો ચૂલો કેમ ભાંગી નાખ્યો' કહી ભાઈએ ભાઈને ફટકાર્યો

## સામસામી ફરિયાદ નોંધાઈ

ધારી, તા.૨૧

ધારીના ડાંગાવદર ગામે બે સગાભાઈઓમાં ચૂલો તૂટી જવા મુદ્દે માથાકૂટ થઈ હતી. બનાવ અંગે મહેન્દ્રભાઈ રામજીભાઈ ચાવડા (ઉ.વ.૩૦)એ સંજયભાઈ રામજીભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને ચૂલો મળતો નહોતો, આ દરમિયાન ચૂલો ફરજા પાસે જોઈ ગયા હતા.

જે ચૂલો ઉંચકવા જતા ભાંગી ગયો હતો અને થોડીવાર થતા તેનો નાનો ભાઈ આવ્યો હતો અને કહેવા લાગ્યો કે તે મારો ચૂલો કેમ ભાંગી નાખ્યો. જેથી તેમણે કહ્યું કે આ ચૂલો મારો છે જેથી નાના ભાઈએ વધુ ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ લાભુબેન રામજીભાઈ ચાવડા (ઉ.વ.૫૦)એ મહેન્દ્રભાઈ રામજીભાઈ ચાવડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો ચૂલો આરોપીએ ભાંગી નાખ્યો હતો. જેથી ઠપકો આપવા જતાં જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી હતી અને કુહાડીની મુંધરાટીથી મુંઢ ઈજા કરી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મનુભાઈ આર. માંગાણી વધુ તપાસ કરી રહ્યા છે.

# ગઢીયા ગામે રોકડા ૭ હજાર, સોના-ચાંદીના ઘરેણા મળી રૂ.૪૨,૯૦૦ની ચોરી

ધારી, તા.૨૧

ધારીના ગઢીયા ગામે એક રહેણાંક મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને રોકડા ૭૦૦૦ તથા સોના-ચાંદીના ઘરેણા મળી કુલ ૪૨,૯૦૦ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે પ્રવિણભાઈ ઈસુભાઈ ધાખડા (ઉ.વ.૨૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના રહેણાંક મકાનમાં ત્રાટકેલો અજાણ્યો ચોર લોખંડના કબાટની તિજોરીનું તાળું ખોલી રોકડા ૭૦૦૦, સોનાની સર, ચાંદીના છડા તથા બે જોડ કડલી મળી કુલ રૂ. ૪૨,૯૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.બી.ખાચર વધુ તપાસ કરી રહ્યા છે.

# નાના માચીયાળા ગામે ઉંદર મારવાની દવા પીતાં મહિલાનું મોત

અમરેલી, તા.૨૧

અમરેલીના નાના માચીયાળા ગામે રહેતી એક મહિલાએ ઉંદર મારવાની ઝેરી દવા પી લેતા મોત થયું હતું. જેને લઈ પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા. બનાવ અંગે સુનિલભાઈ સપસુભાઈ બારૈયા (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની રેખાબેન સુનિલભાઈ બારૈયા (ઉ.વ.૨૮)એ અગમ્ય કારણોસર ઉંદર મારવાની ઝેરી દવા પી જતાં મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.કે.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં માતાજીના મંદિરના પૂજારી સામે ૧૦ કિલો ચાંદીના વરખની ચોરી કર્યાની ફરિયાદ

અમરેલી, તા.૨૧

અમરેલીમાં એક પૂજારી સામે માતાજીના મંદિરમાંથી ૧૦ કિલો વરખની ચોરી કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. જેને લઈ ચકચાર મચી ગઈ હતી. બનાવ સંદર્ભે જીગ્નેશભાઈ મધુભાઈ પારેખ (ઉ.વ.૪૧)એ ખાંભાના ત્રાકુડા ગામના પૂજારી ચીરાગપરી ઉલ્લાસપરી ગૌસ્વામી (બાવાજી) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી અમરેલી જુની જેલ પાસે આવેલા વેરાઈ માતાના મંદિરના પૂજારી તરીકે સેવા-પૂજા કરતા હતા. આ દરમિયાન વેરાઈ માતાના મંદિર અંદરના મુખ્ય દરવાજા પરથી તથા નિજ મંદિરમાંથી કુલ આશરે સાડા દસેક કિલો જેટલી ચાંદીની ખોળ (વરખ) જેનો સને.૨૦૦૧ પહેલાના ભાવે એક કિલોના આશરે રૂા.૭૦૦૦/- લેખે ગણતા કુલ સાડા દસેક કિલો ચાંદીના આશરે રૂા.૭૩,૫૦૦ની ચોરી કરી નાસી ગયો હતો. આ બાબતે ફરિયાદ નોંધાતા અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.જી.મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખરીફ પાકના ટેકાના ભાવમાં વધારાને આવકારતાં યુવા નેતા મનીષ સંઘાણી

અમરેલી, તા.૨૧



ભારત સરકારની બુધવારે મળેલી બેઠકમાં ખેડૂત હિતમાં લેવાયેલ નિર્ણયને આવકારીને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીએ જણાવ્યું હતું કે, ૨૦૨૩ - ૨૪માં મગફળીનો ટેકાનો ભાવ ૬૩૭૦ હતો જે વધારીને ૬૭૮૩ કર્યો. કપાસનો ટેકાનો ભાવ ૬૬૨૦ હતો તે વધારીને ૭૧૨૧ કરવામાં આવ્યો. આવી રીતે ૧૪ જેટલા ખરીફ પાકોમાં ભારત સરકાર દ્વારા ખેડૂત હિતમાં નિર્ણય કરી વધારો આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ૨ લાખ નવા વેર હાઉસ બનાવવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આમ કેન્દ્ર સરકારે ખરીફ ટેકાના ભાવમાં વધારો કરતા પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખે આ નિર્ણયની સરાહના કરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ પૂનમ
તા. ૨૨-૦૬-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૪,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ મૂળ

## દૈનિક રાશિફળ

**તા.૨૨-૦૬-૨૦૨૪ — શનિવાર**

મેષ: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

વૃષભ: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મિથુન: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

કર્ક: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની શકે છે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

સિંહ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

કન્યા: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે.

તુલા: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક: આજે સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

ધન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. નમ્ર વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

# જરખીયા ગામે બહેનના પ્રેમસંબંધ મુદ્દે ભાઈ પર કુહાડી, છરીથી હુમલો

## યુવકની માતાને પણ માથામાં કુહાડીનો ઘા માર્યો

લાઠી, તા.૨૧

લાઠીના જરખીયા ગામે એક યુવક પર પ્રેમસંબંધ મુદ્દે છરી, કુહાડીથી જીવલેણ હુમલો કરી ઈજા પહોંચાડવામાં આવી હતી. ઉપરાંત તેની માતાને પણ માથામાં કુહાડી મારી હતી. બનાવ અંગે સાગરભાઈ જગાભાઈ ચારોલીયા (ઉ.વ.૨૪)એ અમરેલીમાં રહેતા બાવકુભાઈ ભુપતભાઈ માથાસુળીયા પરમાર, બાવલાભાઈ ભુપતભાઈ માથાસુળીયા પરમાર, લાલુભાઈ ભુપતભાઈ માથાસુળીયા પરમાર, છગનભાઈ હરજીભાઈ માથાસુળીયા પરમાર, સુરેશભાઈ છગનભાઈ માથાસુળીયા પરમાર, પ્રવિણભાઈ છગનભાઈ માથાસુળીયા પરમાર, રાજુભાઈ છગનભાઈ માથાસુળીયા પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આજથી આશરે એકાદ વર્ષ પહેલા તેમની બહેનને પ્રવિણભાઈ છગનભાઈ માથાસુળીયા પરમાર સાથે પ્રેમસંબંધ હતો. જે અંગેની જાણ તેમના ઘરના સભ્યોને થઈ જતા, તેમને તથા આરોપીઓના પરિવારના સભ્યોને બોલાચાલી, તકરાર થઈ હતી. જે અંગે આજદિન સુધી કોઈ સમાધાન થયેલ નહોતું. તેમના પિતા બાવકુભાઈ ભુપતભાઈ માથાસુળીયા પરમારને અડતાળા ગામે મળતા બંને વચ્ચે જુના બનાવ બાબતે બોલાચાલી થતા, તેમના પિતા પરત જરખીયા ગામે આવી ગયા હતા.

જે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ કુહાડી, છરી તથા ફાઈબરના પાઈપ જેવા હથિયારો ધારણ કરી આવી, ફટકાર્યો હતો. ઉપરાંત શરીરે મુંઢ ઈજાઓ કરી હતી.

તેમના માતાને આરોપી છગનભાઈએ કુહાડીનો એક ઘા માથાના ભાગે મારતાં ૬ જેટલા ટાંકા આવ્યા હતા. જે બાદ બાવકુભાઈ ભુપતભાઈ માથાસુળીયા પરમાર (ઉ.વ.૨૨)એ સાગરભાઈ જગાભાઈ ચારોલીયા, જગાભાઈ માવજીભાઈ ચારોલીયા, નરેશભાઈ જગાભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યુ હતું કે, તેમને જેમ ફાવે તેમ ગાળો આપી, ચાલુ ગાડીએ રોડ પર પછાડી, ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ પી.એ.જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાંથી ચાર મહિલા, એક પુરુષ જુગાર રમતાં ઝડપાયા

અમરેલી, તા.૨૧

અમરેલી શહેરમાંથી પોલીસે પાંચ જુગારીને રોકડા ૫૩,૪૦૦ સાથે ઝડપી લીધા હતા. જેમાંથી એક પુરુષ અને ચાર મહિલા હતા. સરદારનગર શેરી નંબર ૪માં જાહેરમાં જુગાર રમતાં મનીષભાઈ જગદીશભાઈ જસાણી (ઉ.વ.૩૪) સહિત ચાર મહિલા રોકડા ૫૩,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

# તેં છ મહિના પહેલા સોનાના દાગીના આપી દીધા છે કહી પરિણીતાને ગાળો આપી

## લાઠીના ટોડા ગામનો બનાવ

લાઠી, તા.૨૧

લાઠીના ટોડા ગામે એક પરિણીતાને તે છ મહિના પહેલા સોનાના ઘરેણા આપી દીધા છે, જોઈતી નથી તેમ કહી ગાળો આપી, લાકડીના ઘા માર્યા હતા. બનાવ અંગે જસુબેન જેન્તીભાઈ ચારોલીયા (ઉ.વ.૨૮)એ લાઠીના કેરાળા ગામે રહેતા લવીંગભાઈ માનસીંગભાઈ ચારોલીયા, મંજુબેન મગુભાઈ માથાસુળીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ ટોડા ગામે દુધાળા જવાના રસ્તે તેમના ઝૂંપડે પતિ સાથે હાજર હતા ત્યારે આરોપીઓ તેના પતિની ખબર કાઢવા આવ્યા હતા. તે દરમિયાન લવીંગભાઈ ચારોલીયાએ તેમને કહ્યું કે, છ મહિના પહેલા તે સોનાના દાગીના મગનભાઈ હરજીભાઈને આપી દીધા છે જેથી તું અમારે જોઈતી નથી તેમ કહી ગાળો આપી હતી. ઉપરાંત તેની પાસે રહેલી લાકડીનો ઘા મારી મુંઢ ઈજા કરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ.ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# હિંડોરણા ગામે યુવતીને માતા-પિતા સાથે વાત નહીં કરવાનું કહી પતિએ ઢીકાપાટુ માર્યા

## સાસરિયાએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી

રાજુલા, તા.૨૧

રાજુલાના હિંડોરણા ગામે રહેતી એક યુવતીને લગ્નના એક વર્ષ સુધી તેના માતા-પિતા સાથે સાસરિયાએ વાત કરવા દીધી નહોતી. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે રતનબેન સાગરભાઈ સોલંકી (ઉ.વ.૨૧)એ પતિ સાગરભાઈ કિશોરભાઈ સોલંકી, સસરા કિશોરભાઈ ભીખાભાઈ સોલંકી, સાસુ રસીલાબેન કિશોરભાઈ સોલંકી તથા મહેશભાઈ કિશોરભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન તા.૧૦/૧૨/૨૦૨૦ ના રોજ થયા હતા. લગ્નના એક વર્ષ સુધી સારી રીતે રાખી હતી.

તા.૧૦/૧૨/૨૧ થી તા.૦૧/૦૭/૨૦૨૩ દરમ્યાન પતિએ માતાપિતાની સાથે વાત નહિ કરવાની તેમ કહી ઢીકાપાટુનો મુઢમાર માર્યો હતો. ઉપરાંત મેણા-ટોણા મારી ગાળો આપી અવાર-નવાર હેરાન પરેશાન કરતા હતા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વી. સમા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# વિદેશમાં હિન્દુ ફોબિયા

વિશ્વના સૌથી પ્રાચીન હિન્દુ સનાતન ધર્મ પ્રત્યે પૂર્વગ્રહ રાખનારા માત્ર આપણા દેશમાં જ નથી પરંતુ અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને ઓસ્ટ્રેલિયામાં પણ છે જ્યારે હિન્દુ ધર્મની સાથોસાથ હિન્દુ રાષ્ટ્ર પ્રત્યે પણ પૂર્વગ્રહ રાખનારા અલગાવવાદીઓ માત્ર ભારતમાં જ નહીં પણ કેનેડા, ઓસ્ટ્રેલિયાને અમેરિકામાં પણ છે. જે ભારત દેશ પ્રત્યે પૂર્વગ્રહયુક્ત કટ્ટર વલણ ધરાવે છે. આવા દેશોમાં સૌથી અગ્રસ્થાને છે કેનેડા. કેનેડામાં તથા અમેરિકામાં ભારતીય બાળકો સાથે શાળા કોલેજમાં બુલિંગ થાય છે. હિન્દુ મંદિરો અને હિન્દુને નિશાન બનાવીને થતા હુમલાઓની સંખ્યામાં કેનેડા તથા અમેરિકા, ઓસ્ટ્રેલિયામાં વધારો થઈ રહ્યો છે બીજા શબ્દોમાં કહીએ તો બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી અને કેનેડામાં હિન્દુત્વ ખતરામાં છે આની સામે અમેરિકામાં હિન્દુ ફોબીયા સામે અમેરિકન કોંગ્રેસે ઠરાવ કર્યો છે આ ઠરાવમાં હિન્દુ કૃત્યના પૂર્વગ્રહની ટીકા કરવામાં આવી છે, મંદિરો પરના હુમલાની તપાસ તેજ કરવા માંગ કરવામાં આવી છે. અમેરિકાની સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ રીપ્રેઝન્ટ એટલે કે જેને પ્રતિનિધિ સભા કહેવામાં આવે છે તેમાં હિંદુ ફોબિયા એટલે કે હિન્દુ ધર્મ પ્રત્યેના પૂર્વગ્રહો તથા હિન્દુ વિરોધી કટ્ટરતા અને હેટ ક્રાઈમની ટીકા કરતો પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો. હિન્દુ બાળકો સાથે શાળા કોલેજમાં બુલિંગ, ભેદભાવ હેટ સ્પીચ અને પૂર્વગ્રહથી પ્રેરિત ગુના વધી રહ્યા છે. કોંગ્રેસના સભ્ય થાનેદાર વતી લવાયેલા પ્રસ્તાવમાં કહેવાયું કે એફબીઆઇના અહેવાલ પ્રમાણે ભારતીય વિરુદ્ધ હેટ ક્રાઈમ વધતો જાય છે અને તે અમેરિકન સમાજ માટે બહુ મોટા જોખમનો સંકેત છે આ બાબતમાં કહેવામાં આવ્યું છે કે એફબીઆઇના હેટ ક્રાઈમ સ્ટેટેટિક્સ રિપોર્ટ પ્રમાણે મંદિરો અને વ્યક્તિઓને નિશાન બનાવનારા હિન્દુ વિરોધી હેટ ક્રાઈમમાં દર વર્ષે વધારો થઈ રહ્યો છે એટલું જ નહીં પરંતુ દુર્ભાગ્યવશ અમેરિકન સમાજમાં હિન્દુ ફોબિયા વધી રહ્યો છે. અહેવાલ પ્રમાણે અમેરિકાએ ૧૯ મી સદી પછી વિશ્વના તમામ ભાગોમાંથી ૪૦ લાખ વધુ હિન્દુઓનું સ્વાગત કર્યું છે. તેમાં વિવિધ જાતિ, ભાષા અને પાશ્વભૂમિ ધરાવતા હિન્દુઓનો સમાવેશ થાય છે. પ્રસ્તાવ પ્રમાણે અમેરિકાની અર્થવ્યવસ્થાના પ્રત્યેક ઉદ્યોગમાં હિન્દુ સમાજનું ખૂબ મોટું યોગદાન છે અને આને કારણે અમેરિકાની પ્રગતિમાં ખૂબ જ વધારો થયો છે. અમેરિકા આજે સૌથી અગ્રસ્થાને હોય તો તેમાં ભારતીય લોકોનો ફાળો ખૂબ મોટો છે. ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન ડાયસફોરા સ્ટડીઝની નીતિ અને રણનીતિ મુજબ પ્રમુખ ખાંડડેરાવ કાંડે કહ્યું છે કે શ્રદ્ધાળુને ડરાવવા માટે મંદિરોમાં ચોરીની સાથે તોડફોડની ઘટના પણ વધી રહી છે. અમેરિકાની જ્યોર્જિયા સંસદે એપ્રિલની શરૂઆતમાં જ ‘હિન્દુ ફોબિયા’ની ટીકા કરતો એક પ્રસ્તાવ પસાર કર્યો હતો. આ પ્રકારનો કાયદાકીય ઉપાય કરનારું અમેરિકાનું પ્રથમ રાજ્ય બન્યું હતું. હિન્દુ ફોબિયા અને હિન્દુવિરોધી કટ્ટરતાની ટીકા કરતા પ્રસ્તાવમાં કહેવાયું હતું કે ‘હિન્દુ વિશ્વનો સૌથી મોટો અને સૌથી પ્રાચીન ધર્મ છે’ અને વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં ૧.૨ અબજ લોકો આ ધર્મ માને છે. એટલાન્ટાની ફોરસાઈથ કાઉન્ટીના લોકપ્રતિનિધિ લૉરેન મૅકડોનાલ્ડ અને ટોડ જોન્સે રજૂ કરેલા પ્રસ્તાવમાં કહેવાયું હતું કે આ ધર્મ સ્વીકાર, સન્માન અને શાંતિનાં મૂલ્યો સાથે વિવિધ પરંપરાઓ અને આસ્થા પ્રણાલીઓને સાંકળે છે.

# ગ્રીન હાઈડ્રોજનનો સૂર્યોદય એટલે ફ્યુઝન પાવર ટેકનોલોજી

હવે વીજળી ઉત્પન્ન કરવા માટે કોલસા કે ડીઝલનો ઉપયોગ કરવાને બદલે પાણીનો ઉપયોગ કરવામાં આવશે. પાણીમાંથી પણ વીજળી બની શકે અને તેને ગ્રીન હાઈડ્રોજન કહેવામાં આવે છે કારણ કે પાણીમાં પણ હાઈડ્રોજનના અણુ હોય છે જેને જુદા પાડી દેવાથી આપણને હાઈડ્રોજન પ્રાપ્ત થાય છે પરંતુ આ કાર્ય વાત કરીએ તેટલું સહેલું નથી તેનું કારણ એટલું જ છે કે હાઈડ્રોજન એવો ભયંકર વાયુ છે કે ધડાકા સાથે સળગે છે આ એનો સૌથી મોટો દુર્ગુણ છે અને એથી તેનો ઉપયોગ કરતા વૈજ્ઞાનિકો ડર અનુભવે છે આની પાછળની જે ટેકનોલોજી છે તેને ફ્યુઝન ટેકનોલોજી કહેવામાં આવે છે. અમેરિકાએ જાપાન પર અણુબોમ્બ નાખ્યો ભયાનક તબાહી થઈ આમ છતાં બીજા વિશ્વયુદ્ધ પછી દરેક વિકસિત દેશ હાઈડ્રોજન બોમ્બ બનાવવા માટે, ફ્યુઝન ટેકનોલોજી વિકસાવવા માટે પાગલ બન્યો હતો. મોટાભાગનું સંશોધન ગુપ્ત રીતે ચાલતું હતું. પરંતુ જીનીવા ખાતે, ૧૯૫૮માં એટમિક એનર્જીનો શાંતિપૂર્ણ ઉપયોગ કરવા માટે, આંતરરાષ્ટ્રીય ધોરણે બીજી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાનીઓએ અહીં, ગુપ્તતાના પડદા હટાવી દીધા. ૧૯૭૦માં દ.કોરિયામાં, સિઓલ ખાતે આવેલ નેશનલ યુનિવર્સિટીમાં ન્યુક્લિયર ફ્યુઝન અને બેઝિક પ્લાઝમા રિસર્ચની શરૂઆત થઈ હતી. નાના પાયે પ્લાઝમા રિસર્ચ માટે તેમણે, પ્રથમ ટોકમેક ‘SNUT-૭૯’ની શરૂઆત કરી હતી. ૧૯૭૦ના દાયકાના અંત ભાગમાં, કોરિયા એટમિક એનર્જી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કે ટી વન નામનું ફ્યુઝન ડિવાઈસ તૈયાર કરવામાં આવ્યું હતું. કોરિયા (એડવાન્સ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીએ, પોતાનું સ્વતંત્ર રિએક્ટર વિકસાવ્યું. ત્યારબાદ, નેશનલ ફ્યુશન રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા હેનબીટ મિરર ડિવાઈસનું બાંધકામ કરવામાં આવ્યું.૧૯૯૫માં દક્ષિણ કોરિયાની સરકારે, જેને ખરેખર ફ્યુઝન ટેકનોલોજીનો વિકાસ કહેવાય, તેવું પ્રથમ પગલું ભર્યું. સરકારે આધુનિક કોરિયન સુપરકંડકટીંગ ટોકમેક એડવાન્સ રિસર્ચ પ્રોજેક્ટની શરૂઆત કરી હતી. જેને વિજ્ઞાનીઓ ‘કેસ્ટાર’ તરીકે ઓળખે છે. તાજેતરમાં સમાચારોમાં જ ચમકેલ, સૂર્ય કરતા સાત ગણું તાપમાન સર્જવાનો રેકોર્ડ, આ ‘કેસ્ટાર’ ટોકમેકે સર્જ્યો છે. ઈ.સ. ૨૦૦૩માં કોરિયા આંતરરાષ્ટ્રીય ધોરણે, ચાલતા ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપરિમેન્ટ રિએક્ટર ઈટરમાં જોડાયું હતું. ૨૦૦૫માં કોરિયા નેશનલ સાયન્સ કાઉન્સિલ દ્વારા ફ્યુઝન એનર્જી ડેવલપમેન્ટ નામનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. ૨૦૦૬માં તેને કોરિયન નેશનલ કોંગ્રેસ દ્વારા, કાયદો રચીને મંજૂરી આપવામાં આવી હતી. આ રીતે દક્ષિણ કોરિયાએ ફ્યુઝન ટેકનોલોજીમાં પોતાની પાપા પગલી ભરવાની શરૂઆત કરી હતી. દક્ષિણ કોરિયા ૨૦૪૦ સુધીમાં વ્યાપારી ધોરણે ફ્યુઝન પાવર પ્લાન્ટ નાખવાની ગણતરી કરી રહ્યું છે. પરંતુ આ કાર્ય માની શકાય તેટલું સરળ નથી. વ્યાપારી ધોરણે હાઈડ્રોજનમાંથી ઉર્જા ઉત્પન્ન કરવાનું કાર્ય માનીએ તેટલું સહેલું નથી કારણ કે તેમાં જોખમ ખૂબ છે.




ગ્રીન હાઈડ્રોજનની બધા વાતો કરે છે, એને માટે ઉજળા ભવિષ્યના સૂચનો પણ કરે છે પણ ગ્રીન હાઈડ્રોજન હકીકતની અંદર અતિ જોખમી પણ પુરવાર થઈ શકે છે

ફ્યુઝન ટેકનોલોજી દ્વારા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વ્યાપારી ધોરણે ઉર્જા મેળવવાનું હજી સુધી શા માટે શક્ય બન્યું નથી? આવો સવાલ થવો સામાન્ય છે. આપણે જાણીએ છીએ કે સૂર્યની સપાટી ઉપર ખૂબ જ ઊંચું તાપમાન હોય છે. પ્રયોગશાળામાં ટેકનોલોજી દ્વારા ઉર્જા મેળવવાની થાય ત્યારે પણ, ખૂબ જ ઊંચું તાપમાન પેદા થતું હોય છે. વિજ્ઞાનીઓને મુખ્ય સમસ્યા અહીં નડે છે. આ ખૂબ જ ઊંચું તાપમાન નિયંત્રિત કઈ રીતે કરવું? ખૂબ જ ઊંચા તાપમાને ઓગળી ન જાય તેવા યંત્રની ડિઝાઈન કેવી રીતે કરવી? આ સમસ્યાનો ઉકેલ દરેક દેશ પોતાની રીતે અલગ અલગ ટેકનોલોજી વાપરીને કરે છે. ફ્યુઝન ટેકનોલોજીના સંશોધન, જે યાંત્રિક વિશાળ કદની રચના વપરાય છે તેને વિજ્ઞાનીઓ ટોકમેક તરીકે ઓળખે છે. ટોરસ (ડૉનટ)ના આકારમાં પ્લાઝમાને સીમિત કરવા માટે શક્તિશાળી ચુંબકીય ક્ષેત્રનો ઉપયોગ થતો હોવાથી, તેને ટોકમૅક કહે છે. ટોકમૅક એ નિયંત્રિત થર્મોન્યુક્લિયર ફ્યુઝન પાવર ઉત્પન્ન કરવા માટે વિકસાવવામાં આવેલા, વિવિધ પ્રકારના ચુંબકીય બંધિયાર ઉપકરણોમાંથી એક છે. ’ટોકમેક’ શબ્દ રશિયન ટૂંકાક્ષર પરથી આવ્યો છે. જેનો અર્થ થાય છે ‘ચુંબકીય કોઈલ સાથે ટોરોઈડલ ચેમ્બર’. પ્રયોગશાળામાં જ્યારે ખૂબ જ ઉંચુ તાપમાન પેદા થાય છે ત્યારે, પદાર્થ પોતાની ત્રણેય અવસ્થા છોડીને, ચોથી અવસ્થા એટલે કે પ્લાઝમા સ્ટેટમાં આવી જાય છે. કોરિયાએ શરૂઆતમાં, કેસ્ટાર ટોકમેકમાં ઊંચા તાપમાન સામે ટકી રહેવા માટે, કાર્બનનો પ્રયોગ કર્યો હતો. પહેલા તેમાં સુધારા વધારા કરીને, કાર્બનના સ્થાને હવે ટંગસ્ટનનો ઉપયોગ કરવામાં આવે છે. આવતા વર્ષે થનારા આંતરરાષ્ટ્રીય પ્રયોગમાં એટલે કે ઈટરમાં પણ, કોરિયાએ વાપરેલ ટંગસ્ટન ડાયવર્ટરનો ઉપયોગ કરવામાં આવશે. આમ કોરિયાએ તાજેતરમાં કરેલ પ્રયોગની વિગતો આંતરરાષ્ટ્રીય પ્રયોગ વખતે ખૂબ જ ઉપયોગી સાબિત થાય તેમ છે. પ્રયોગશાળામાં હાઈડ્રોજન કેવી રીતે બની શકે? જો કે શાળામાં, કોલેજની પ્રયોગશાળામાં હાઈડ્રોજન બનાવવો એકદમ સરળ છે. પાણીમાં એસિડનું એક ટીપું નાખીને તેમાં નેગેટિવ અને પોઝિટિવ પોલ નાખીને આ કામ થઈ શકે છે. એક તાંબાનો અને જસતનો એમ બે સળિયા લઈને તેને એસિડ યુક્ત પાણીમાં નાખી બંનેના છેડે બેટરીના ડીસી વોલ્ટેજ આપવાથી પાણીનું વિભાજન થાય છે તેમાંથી હાઈડ્રોજન અને ઓક્સિજન છૂટો પડે છે આ હાઈડ્રોજન અલ્પ પ્રમાણમાં હોવાથી તે સામાન્ય રીતે ઓછો જોખમી છે. પણ જો આ પ્રયોગમાં હાઈડ્રોજન વાયુના પરપોટાનું પ્રમાણ વધી ગયું હોય તો ચોક્કસ તે જોખમી બની શકે છે. હવે આપણે એ જોઈએ કે પ્રયોગશાળામાં ગ્રીન હાઈડ્રોજન કેવી રીતે ઉત્પન્ન થઈ શકે. સામાન્ય રીતે પ્રયોગશાળામાં ફ્યુઝન પ્રક્રિયા શરૂ કરવી હોય તો, પ્લાઝમા અવસ્થામાં તાપમાન ૧૦ કરોડ ડિગ્રી સેલ્સિયસ કરતા વધારે હોવું જોઈએ. સામાન્ય રીતે ધન વીજભાર ધરાવતા કણ (આયન) એકબીજાની નજીક આવવાની કોશિશ કરે છે ત્યારે, તેમની વચ્ચે લાગતા વિદ્યુત અપાકર્ષણના કારણે તેઓ એકબીજાની નજીક આવી શકતા નથી. તેમને એકબીજાની નજીક લાવવા માટે પણ, પુષ્કળ પ્રમાણમાં દબાણ આપવાની જરૂર પડે છે. આ ઉપરાંત તેમનું મિલન કરવા માટેની જગ્યા, એટલે કે સ્પેસ પણ નાની હોવી જોઈએ. આ માટે પ્રયોગશાળામાં માત્ર થોડી ક્ષણો માટે મીની સૂર્યનું સર્જન કરી શકે છે. સૂર્ય જેવી પ્રક્રિયાની જ્યાં શરૂઆત થાય છે તે ક્ષણને વૈજ્ઞાનિકો ઈગ્નેશન તરીકે ઓળખે છે આ પ્રકારના પ્રયોગો અમેરિકા, જાપાન, કોરિયાની પ્રયોગશાળામાં થયા છે. તાજેતરમાં કોરિયાના વૈજ્ઞાનિકો સૂર્ય કરતાં સાત ગણું વધારે તાપમાન પેદા કરી શક્યા છે. સૂર્યના કેન્દ્ર ભાગમાં ૧.૫ કરોડ સેલ્સિયસ ગરમી હોય છે જ્યારે પ્રયોગશાળાના કેસ્ટાર ટોકમેક નામના સાધનમાં ૪૮ સેકન્ડ માટે ૧૦ કરોડ સેલ્સિયસનું તાપમાન પેદા કરીને એક રેકોર્ડ કરવામાં આવ્યો છે. આ એક એવો પ્રયોગ છે જેને કારણે ગ્રીન હાઈડ્રોજનના સપના સાકાર થઈ શકે તેમ છે પરંતુ આવા વાહનો જીવતા બોમ્બ જેવા બની જાય છે આથી તેનો વપરાશ ધીમે ધીમે વ્યવહારમાં ઘટી રહ્યો છે. ટૂંકમાં ગ્રીન હાઈડ્રોજનની જેટલી વાતો મોટા પ્રમાણમાં થાય છે તેટલા પ્રમાણમાં આ ગ્રીન હાઈડ્રોજનનો વ્યવહારિક ઉપયોગ કરવો મુશ્કેલ છે કારણ કે આગળ કહ્યું તે પ્રમાણે હાઈડ્રોજન વાયુ ભયાનક ધડાકા સાથે ફાટીને સળગે છે હવે જો વાહનમાં આ વાયુનો ઉપયોગ કરવામાં આવે તો અકસ્માત સમયે કેટલી જાનહાનિ થાય અને કેટલું પ્રદૂષણ ફેલાય તેનો વિચાર કરતાની સાથે જ વૈજ્ઞાનિકોનો ગ્રીન હાઈડ્રોજન માટેનો ઉત્સાહ ઢીલો પડી જાય છે.

**ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરવો સહેલો નથી. જોકે પ્રયોગશાળામાં હાઈડ્રોજન ઉત્પન્ન પણ થઈ શકે છે પરંતુ તેને નિયંત્રિત કરવો મુશ્કેલ કામ છે કારણ કે તે ધડાકા સાથે ફાટે છે, સળગે છે અને તેની આગ આસપાસમાં માની ન શકાય તેટલી વિસ્તરે છે આથી ગ્રીન હાઈડ્રોજનની ફક્ત વાતો કરવી સહેલી છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ | ૧૩૪૦ | ૧૫૧૨ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૫૦૮ | ૫૬૬ |
| જુવાર સફેદ | ૮૧૦ | ૯૦૦ |
| જુવાર લાલ | ૮૦૦ | ૯૬૦ |
| જુવાર પીળી | ૪૨૫ | ૪૬૦ |
| બાજરી | ૩૯૦ | ૪૫૦ |
| તુવેર | ૧૮૧૧ | ૨૪૨૪ |
| ચણા પીળા | ૧૨૦૫ | ૧૩૩૨ |
| ચણા સફેદ | ૧૪૮૦ | ૨૨૬૦ |
| અડદ | ૧૭૦૦ | ૧૯૭૯ |
| મગ | ૧૪૧૦ | ૧૭૦૦ |
| ચોળી | ૨૩૫૦ | ૩૦૬૯ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૬૬૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૩૧૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૨૬૮ |
| તલી | ૨૪૦૦ | ૨૬૪૦ |
| એરંડા | ૧૦૬૦ | ૧૧૨૭ |
| અજમો | ૧૭૫૦ | ૨૪૭૫ |
| સુવા | ૧૫૨૦ | ૧૬૧૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૮૫ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૧૫૪ |
| લસણ | ૧૬૫૦ | ૩૮૦૦ |
| ધાણા | ૧૨૧૦ | ૧૫૫૦ |
| ધાણી | ૧૨૫૦ | ૧૬૦૦ |
| વરીયાળી | ૧૧૧૦ | ૧૫૨૦ |
| જીરૂ | ૪૬૫૦ | ૫૫૬૮ |
| રાય | ૧૧૧૦ | ૧૨૬૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૬૦ |
| ઇસબગુલ | ૧૭૦૦ | ૨૫૦૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૭૯૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૫૦ |
| રજકાનું બી | ૪૧૨૫ | ૫૧૭૫ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| તરબુચ | ૨૪૦ | ૩૫૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૨૧૫ | ૬૨૦ |
| ટમેટા | ૫૦૦ | ૧૧૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૧૨૦૦ | ૧૮૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૮૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૪૧૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૭૫૦ | ૧૧૨૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૯૮૦ |
| દુધી | ૨૨૦ | ૪૨૦ |
| કારેલા | ૬૦૦ | ૯૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૫૫૦ | ૮૦૦ |
| પરવર | ૧૦૫૦ | ૧૩૦૦ |
| કાકડી | ૪૫૦ | ૭૦૦ |
| ગાજર | ૨૮૦ | ૫૩૦ |
| વટાણા | ૧૩૦૦ | ૨૦૫૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૮૦ |
| મેથી | ૧૩૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૯૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૨૩૦૦ | ૨૬૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૪૨૦ |
| ગુંદા | ૬૦૦ | ૧૦૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૧૧ | ૧૧૮૭ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૧૦ |
| શિંગદાણા | ૧૫૫૦ | ૧૮૬૫ |
| શિંગ ફાડા | ૧૩૮૧ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૮૦૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૨૯૦ |
| તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૦૬૯ |
| બાજરો | ૪૦૦ | ૪૨૭ |
| જુવાર | ૩૭૦ | ૯૧૭ |
| ઘઉં ટુકડા | ૩૬૨ | ૬૧૫ |
| ઘઉં લોકવન | ૪૩૩ | ૫૭૭ |
| મગ | ૧૫૮૩ | ૧૬૨૪ |
| ચણા | ૧૨૫૨ | ૧૩૧૭ |
| તુવેર | ૧૬૬૦ | ૨૨૫૧ |
| કપાસ | ૮૮૨ | ૧૫૦૦ |
| એરંડા | ૮૯૫ | ૧૦૭૯ |
| જીરું | ૨૦૦૦ | ૫૪૫૦ |
| રાય | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૯૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૨૬ |
| સોયાબીન | ૮૧૮ | ૮૭૬ |
| રજકાનુ બી | ૩૧૭૫ | ૫૦૦૦ |
| કાંગ | ૮૫૦ | ૮૮૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૪૦ | ૫૬૦ |
| રીંગણાં | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| ટામેટા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કરેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ચોળાલીલાં | ૧૪૦૦ | ૧૬૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૨૪૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૫૬૦ |
| લસણ સૂકું | ૩૦૦૦ | ૫૦૦૦ |
| ગુંદાં | ૧૬૦૦ | ૧૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૫૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૮૧ | ૧૪૬૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૬૫૬ |
| સિંગદાણા જાડા | ૧૪૮૧ | ૧૮૨૧ |
| સિંગ ફાડીયા | ૭૨૬ | ૧૫૭૧ |
| એરંડા / એરંડી | ૮૬૧ | ૧૧૨૧ |
| જીરૂ | ૩૪૦૧ | ૫૫૯૧ |
| કલંજી | ૨૮૦૧ | ૩૭૬૧ |
| વરીયાળી | ૫૦૧ | ૧૨૨૬ |
| ધાણા | ૯૫૧ | ૧૬૨૬ |
| મરચા સૂકા પટ્ટો | ૮૦૧ | ૧૮૫૧ |
| લસણ સુકું | ૧૦૯૧ | ૩૬૯૧ |
| ડુંગળી લાલ | ૧૯૧ | ૬૧૧ |
| અડદ | ૧૪૫૧ | ૧૯૧૧ |
| તુવેર | ૧૨૧૧ | ૨૪૦૧ |
| રાજગરો | ૧૨૦૧ | ૧૨૦૧ |
| રાયડો | ૯૦૦ | ૧૦૧૧ |
| મેથી | ૭૫૧ | ૧૧૧૧ |
| કાંગ | ૪૦૦ | ૯૩૧ |
| સુરજમુખી | ૯૫૧ | ૯૫૧ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૧૯૧ |
| તલ – તલી | ૨૦૦૦ | ૨૭૩૧ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૨૩૫૦ |
| ધાણી | ૧૧૫૧ | ૧૮૨૧ |
| બાજરો | ૪૧૧ | ૪૫૧ |
| જુવાર | ૪૧૧ | ૮૩૧ |
| મકાઇ | ૪૯૧ | ૪૯૧ |
| મગ | ૧૨૧૧ | ૧૭૪૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૩૪૧ |
| વાલ | ૫૬૧ | ૧૬૦૧ |
| વાલ પાપડી | ૫૨૧ | ૧૭૨૬ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૩૨૭૬ |
| સોયાબીન | ૭૭૬ | ૮૮૬ |
| અજમાં | ૧૫૦૧ | ૧૭૦૧ |
| અરીઠા | ૭૦૧ | ૭૦૧ |
| ગોગળી | ૭૪૧ | ૧૧૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૦૧ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૬૫૧ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૫૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૨૫૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૫૪૦ |
| કપાસ | ૧૨૨૦ | ૧૪૮૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૦ |
| બાજરો | ૩૮૦ | ૫૦૫ |
| જુવાર | ૪૫૦ | ૮૮૦ |
| મગ | ૧૫૨૫ | ૧૬૬૦ |
| અડદ | ૧૮૫૦ | --- |
| ચણા | ૧૧૦૦ | ૧૩૩૦ |
| તુવેર | ૨૦૦૦ | ૨૪૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ધાણા | ૯૫૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૯ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૪ |
| જુવાર | ૩૩૦ | ૩૩૦ |
| મગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૦૧ |
| અડદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| તુવેર | ૧૫૦૦ | ૨૨૧૫ |
| મગફળી | ૮૦૦ | ૧૧૮૩ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૦૧ |
| મેથી | ૮૦૦ | ૯૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૫૩૮૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૬ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૮૨ | ૧૫૨૮ |
| મગફળી | ૧૦૭૦ | ૧૦૯૦ |
| ચણા | ૧૧૯૪ | ૧૩૧૬ |
| જીરૂ | ૪૬૩૫ | ૫૪૭૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૫૦ |
| તલ સફેદ | ૨૩૩૦ | ૨૪૨૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૯૫ | ૧૩૯૬ |
| મગફળી | ૧૦૯૯ | ૧૧૫૫ |
| ઘઉં | ૫૧૪ | ૫૧૪ |
| ચણા | ૧૦૦૫ | ૧૨૭૫ |
| તુવેર | ૧૭૮૦ | ૧૭૮૦ |
| મગ | ૧૩૪૦ | ૧૬૨૬ |
| તલ | ૨૨૯૦ | ૨૪૫૧ |
| શીંગ ફાડા | ૧૨૬૦ | ૧૫૫૨ |
| સોયીબીન | ૮૪૮ | ૮૬૪ |
| જુવાર | ૪૮૫ | ૭૦૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૭૮૫ |
| ધાણા | ૧૧૫૪ | ૧૨૩૦ |
| એરંડા | ૧૦૭૧ | ૧૦૭૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૧ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૫૦ |
| કપાસ | ૧૧૫૧ | ૧૪૮૫ |
| બાજરો | ૪૧૫ | ૪૭૦ |
| ઘઉ ટુકડા | ૩૫૦ | ૬૦૧ |
| જુવાર | ૪૦૨ | ૮૯૦ |
| મકાઈ | ૪૪૧ | ૪૪૧ |
| મગ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| અડદ | ૧૯૬૦ | ૧૯૬૦ |
| તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૦૧૬ | ૧૦૧૬ |
| જીરૂ | ૩૫૦૦ | ૫૩૦૧ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચોળી | ૫૦૧ | ૫૦૧ |
| સોયાબીન | ૮૭૧ | ૯૦૦ |
| સુર્યમુખી | ૭૦૧ | ૭૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૭૧ | ૧૩૩૦ |
| મગ | ૧૬૮૦ | ૧૬૮૦ |
| ચણા | ૧૦૫૬ | ૧૨૪૪ |
| જુવાર સફેદ | ૮૬૫ | - |
| મગફળી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| સોયાબીન | ૮૪૦ | ૮૪૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૯૦ |
| ધાણા | ૧૦૨૫ | ૧૨૦૦ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૮૩ | ૪૯૫ |
| જુવાર | ૪૬૦ | ૬૨૫ |
| તલ સફેદ | ૧૬૨૦ | ૨૫૧૫ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૪૭૦ |
| સોયાબીન | ૮૩૨ | ૮૫૦ |
| મગ | ૧૩૨૫ | ૧૫૫૦ |
| રાયડો | ૮૧૫ | ૮૧૫ |
| મગફળી | ૮૦૦ | ૧૦૫૩ |
| તુવેર | ૧૭૬૫ | ૧૭૬૫ |
| અડદ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| મેથી | ૮૫૦ | ૮૫૦ |
| લશણ | ૧૨૪૫ | ૧૨૪૫ |
| મકાઈ | ૩૩૨ | ૫૨૫ |
| શીંગદાણા | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ડુંગળી | ૩૦૫ | ૩૦૫ |
| **મહુવા** | | |
| શીંગ-નવી | ૧૦૫૫ | ૧૩૫૫ |
| શીંગ નં ૩૨ | ૧૦૦૦ | ૧૧૭૨ |
| શીંગ જી-૨૦ | ૧૦૧૧ | ૧૨૨૫ |
| એરંડા | ૬૨૪ | ૧૦૮૧ |
| જુવાર | ૪૦૦ | ૯૦૬ |
| બાજરી | ૩૮૧ | ૫૧૫ |
| ઘંઉ ટુકડા | ૨૩૨ | ૬૨૫ |
| મકાઈ | ૫૨૩ | ૫૨૩ |
| અડદ | ૧૯૦૦ | ૨૦૦૪ |
| મગ | ૧૩૮૦ | ૧૬૧૬ |
| સોયાબીન | ૫૦૦ | ૮૩૧ |
| મેથી | ૪૨૦ | ૧૦૬૨ |
| ચણા | ૧૨૪૮ | ૧૨૭૫ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૦૨ |
| તલ કાળા | ૨૫૨૫ | ૨૭૩૦ |
| તુવેર | ૧૫૮૫ | ૨૧૩૦ |
| સુવાદાણા | ૮૪૦ | ૮૪૦ |
| ડુંગળી લાલ | ૧૦૫ | ૬૦૬ |
| ડુંગળી સફેદ | ૨૫૩ | ૩૨૦ |
| કપાસ | ૧૦૬૬ | ૧૪૦૦ |
| નાળીયેર | ૫૦૧ | ૨૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૩૨૨ |
| મગફળી ૩૨ નં | ૧૧૦૦ | ૧૨૭૦ |
| બાજરી | ૩૪૦ | ૪૫૪ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૬ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૬૧૬ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૧૩૮ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૫ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૬૦૦ |
| જુવાર | ૭૦૦ | ૮૭૪ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૩૬ |
| મગ | ૧૪૦૦ | ૧૯૨૮ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૯૦ |
| રજકો | ૨૭૦૦ | ૪૫૧૦ |

## શબ્દ સંજોગ-૧૮૨૩



**આડી ચાવી :**
(૧) લગ્ન વખતે વર-કન્યાની માતાના હાથમાં રહેતો દીવો (૩)
(૩) એક પક્ષી (૩)
(૬) માણસ (૨)
(૭) મુઢ, બેવકૂફ (૨)
(૮) રાજાનું નિવાસસ્થાન (૩)
(૧૦) નાનો વહેળો (૩)
(૧૨) દાદાભાઈ---(૪)
(૧૫) આ ખાનું રદ કરો (૨)
(૧૬) ધરપકડ કરી પણ આ-અ થઈ ગઈ (૫)
(૧૯) કવિતાની તૂકને અંતે અક્ષર મળતા આવવા તે (૨)
(૨૦) ઈશારો, સંકેત (૨)
(૨૧) મીઠું, મધુર (૨)
(૨૨) પવનથી ઊડેલા વરસાદના છાંટા (૩)
(૨૪) જિંદગી એક--- છે (૩)
(૨૭) બુંદ, ટીપું (૨)
(૨૮) સોનું (૨)
(૨૯) કિનાર, વસ્તુનો છેડો (૨)
(૩૦) સુંદર સ્ત્રી (૩)

**ઉભી ચાવી :**
(૧) ભારતનું એક રાજ્ય (૪)
(૨) --- હોય તો માળવે જવાય (૨)
(૩) વાટવો, બેઠા ઘાટનો લોટો (૩)
(૪) એક બીમારી (૩)
(૫) પહેરેલા સાલ્લાનો લકટતો છેડો (૩)
(૯) એક તંતુ વાદ્ય (૩)
(૧૧) સોનું, ધતૂરો (૩)
(૧૩) વર્ષ, બાર માસ (૩)
(૧૪) હુલ્લડ, બળવો (૨)
(૧૬) એક રાશિ (૨)
(૧૭) ધનુષની દોરી (૩)
(૧૮) સૂર્ય, આદિત્ય (૨)
(૧૯) દરરોજ સવારે નિયમિતપણે કરવી જોઈએ (૩)
(૨૦) ત્યાગી, બાવો (૨)
(૨૧) મગરમચ્છ (૩)
(૨૨) પેટ પર વળતી મોટી કરચલી (૨)
(૨૩) માગવા જતાં જાચક રોજ સંભળાવે તે કહેણ (૩)
(૨૫) સાવ બોડું માથું (૨)
(૨૬) છાંયડો (૨)
(૨૮) મનાઈ, નિષેધ (૨)

## શબ્દ સંજોગ-૧૮૨૨ જવાબ

**આડી ચાવી:** (૧) ગ્રહદશા (૪) અસ્તાચલ (૭) હરસ (૮) વસ્તુ (૯) તુજ (૧૦) સઢ (૧૧) સ્વાર્થ (૧૨) તિબેટ (૧૫) વાડી (૧૭) રહેઠાણ (૧૯) બખોલ (૨૦) નવસારી (૨૩) લીલાપુરુષોતમ (૨૮) વાર (૨૯) મહિયર.

**ઊભી ચાવી:** (૧) ગ્રહશાંતિ (૨) હર (૩) દસ (૪) અસ્તુ (૫) ચતુર્થ (૬) લજ (૮) વઢવાણ (૧૩) બેરખો (૧૪) ટહેલ (૧૬) સવારી (૧૮) સ્ત્રાવ (૧૯) બગલી (૨૦) નરોત્તમ (૨૧) સાળી (૨૨) ધરુ (૨૪) લાવા (૨૫) પુર (૨૬) મહિ (૨૭) ઘર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય કૌશિક વેકરીયા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓની હાજરીમાં

# અમરેલીમાં કચરા કલેક્શન સહિતના વાહનોનું લોકાર્પણ કરાયુ

## નવા વાહનોને કારણે લોકોની જાહેર સુખાકારીમાં ઉમેરો થશે

અમરેલી,તા.૨૧

'સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ ભારત' અંતર્ગત અમરેલી સ્થિત નગરપાલિકા પ્રાંગણમાં વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને લોકસભા સાંસદ ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિમાં રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વ્હીકલ સહિતના વાહનોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને વિવિધ પદાધિકારીઓ સહિતનાઓએ ડોર-ટુ-ડોર કચરા કલેક્શન માટે ૧૧ વ્હીકલ, રોડ સ્વીપર મશીન, ૨ ટ્રેક્ટર વીથ ટ્રોલી, ૨ રોબોટ જેસીબી વાહન ૧ ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતું. અમરેલી નગરપાલિકા ખાતે સફાઈ માટેના નવા વાહનોના લોકાર્પણ કાર્યક્રમમાં વિધાનસભા નાયબ મુખ્ય દંડક વેકરીયાએ જણાવ્યુ કે, રોડ



સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વ્હીકલ સહિતના નવા વાહનો થકી શહેરની સ્વચ્છતા વધારવામાં મદદ મળશે, લોકોની જાહેર સુખાકારીમાં ઉમેરો થશે. રાજ્ય સરકાર દ્વારા અમરેલી નગરપાલિકાને નવા વાહનોની ફાળવણી કરવા બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. અમરેલી નગરપાલિકાને સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૧.૦ અંતર્ગત શહેરી સ્વચ્છતામાં વધુ મદદ અર્થે રુ. ૧,૯૫,૭૦,૫૯૨ની કિંમતના વિવિધ વાહનોની ફાળવણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વ્હીકલ સહિતના નવા વાહનોની મદદ થકી શહેરમાં સ્વચ્છતાલક્ષી વધુ સારી અને ગુણવત્તા સાથેની સેવા પૂરી પાડવામાં મદદ મળશે, લોકોની જાહેર સુખાકારીમાં પણ ઉમેરો થશે. રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન વ્હીકલ સહિતના વાહનોના લોકાર્પણ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ બિનાબેન કાલેણા, કારોબારી ચેરમેન ધરજીયા, અગ્રણી મુકેશભાઈ સંઘાણી સહિતના પદાધિકારીઓ-અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરામાં સેવાભાવીઓ દ્વારા શ્વાનને લાડુનું જમણ



બાબરા,તા.૨૧

બાબરા પંથકમાં સારો વરસાદ પડતા પટેલ ગ્રુપ દ્વારા અને અમરાપરા ગામના સરપંચ અશોકભાઈ અસલાલીયા તેમજ ગામના અગ્રણી હિંમતભાઈ ધોળકિયા, છગનભાઈ મીરોલીયા, ભરતભાઈ અસલાલીયા, ગૌતમભાઈ પાંભર, હરેશભાઈ સનેઠીયા, પ્રવીણભાઈ સહિતનાની હાજરીમાં શ્વાનોને લાડુ જમાડાયા હતા.

# સાવરકુંડલાના મુખ્ય રસ્તાઓ ઉપર દબાણ હટાવવાની કામગીરી કરાઈ

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા શહેરમાં મુખ્ય રોડ ઉપર દબાણ હટાવવા માટે નગરપાલિકા દ્વારા વિવિધ વિભાગોની મદદથી કામગીરી શરૂ કરવામાં આવી જેમાં મુખ્યત્વે સુરક્ષા માટે મોટી સંખ્યામાં પોલીસ ઉપસ્થિત રહી હતી. સવારે ૧૧:૦૦ વાગ્યાથી ત્રણ ટુકડીઓમાં દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી જેમાં મહુવા રોડ, અમરેલી



રોડ, હાથસણી રોડ અને જેસર રોડમાં જેસીબી અને નગરપાલિકાના ટ્રેક્ટર તેમજ ૭૦ જેટલા પાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં આ કામગીરી શરૂ કરવામાં આવી. આ કામગીરીમાં pgvcl આર એન્ડ બી સ્ટેટ અને પંચાયત તેમજ asp ના માર્ગદર્શન નીચે બે પીઆઈ, ત્રણ પીએસઆઈ અને ૧૨૦ જેટલા પોલીસ આ કામમાં રોકાયા હતા ત્યારે આખા દિવસ દરમિયાન ૭૦ જેટલા દબાણો જેમાં ખાસ કરીને ઓટલા, દુકાન આગળ કરેલા મોટા છાપરા અને કેબીનો હટાવવામાં આવ્યા હતા. તેમજ કોઈપણ જાતની માથાકૂટ વગર શાંતિપૂર્ણ રીતે સાવરકુંડલામાં આ દબાણ હટાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

# મૂળદ્વારકા ગામે જુગાર રમતા કુલ ૧૪ ઈસમ રોકડા ૫૬,૮૬૦ સાથે ઝડપાયા



તસવીર : ધર્મેશ પાઠક

ગીર સોમનાથ, તા.૨૧

ગીર સોમનાથ એસપીએ પ્રોહી-જુગારની અસામાજિક પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવા સખત સૂચના આપી છે. જે અનુસંધાને બાતમી હકિકત આધારે મૂળદ્વારકા ગામે રેઈડ કરતા જુગાર રમતા ૧૪ ઈસમોને કુલ રોકડ રૂ.૫૬,૮૬૦ તથા જુગાર રમવાના સાહિત્ય સાથે પકડી પાડી પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# દ્રોણેશ્વર ગુરૂકુલમાં વિશ્વ યોગદિવસની ઉજવણી

અમરેલી,તા.૨૧

વિશ્વમાં ૨૧ જૂને વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવે છે. યોગ દિવસ નિમિત્તે ભારતમાં અનેક સ્થળોએ વિવિધ રીતે આ દિવસ મનાવાય છે. એવી જ રીતે એસજીવીપી ગુરુકુલના અધ્યક્ષ પૂ. માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી તથા પુ. બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર માતુશ્રી આર.ડી. વરસાણી કન્યા કુમાર વિદ્યાલયના પ્રાંગણમાં ૮૦૦ બાળકો દ્વારા યોગ પ્રેમ દર્શાવતી માનવ સાંકળ બનાવી હતી. સાથે સાથે વિવિધ પ્રકારના આસનો પણ કર્યા હતા. બાળકો દ્વારા દ્રોણેશ્વર મહાદેવ મંદિર ખાતે તથા મચ્છુન્દ્રી નદી કિનારે અને શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજના સાનિધ્યમાં પણ યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું.

# રસ્તા મુદ્દે કોડીનારના મિતિયાજ ગામના ખેડૂતે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી

કોડીનાર તા.૨૧

કોડીનાર તાલુકાના મિતિયાજથી દેવળી ગામને જોડતા રસ્તાને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર થયેલું કામ શરૂ થયા પછી કોન્ટ્રાક્ટરે અચાનક રસ્તાનું કામ બંધ કરી દેતા આ વિસ્તારના ખેડૂતોને પારાવાર મુશ્કેલી ઉભી થઈ છે. આ રોડ ઉપર ૧૫૦થી વધુ ખેડૂતોની જમીન આવેલી છે અને ચોમાસું માથે છે ત્યારે જો તાત્કાલિક રસ્તો ન બને તો ખેડૂતોને જમીન ધોવાણ થઈ જવા



ઉપરાંત અનેક પ્રકારનું નુકસાન થાય તેમ છે. આ વિસ્તારના ખેડૂતો દ્વારા તંત્રમાં વારંવાર રજૂઆત કરવા છતાં રોડનું કામ ચાલુ કરવા માટે કોઈ નક્કર કામગીરી નહીં કરતા તંત્ર દ્વારા જો તાકીદે કોઈ યોગ્ય પગલાં નહીં લેવાય તો મિતિયાજ ગામના જયસિંહભાઈ અરજણભાઈ બારડ નામના ખેડૂતે આત્મવિલોપનની ચીમકી આપી છે.

# ચેક રિટર્ન કેસમાં સુરત કોર્ટમાંથી આરોપીનો નિર્દોષ છુટકારો

અમરેલી, તા.૨૧

સુરતના એક ચેક રિટર્ન કેસમાં સુરત કોર્ટમાંથી આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે. કેસ વિગતે જોઈએ તો વર્ષ ૨૦૧૫ માં એક જમીનના સોદામાં ફરિયાદી અવેશ હબીબ મુલ્તાનીએ આરોપી જયંતિભાઈ ભીખાભાઈ પટેલ રહે. અમરોલીને રૂપિયા ૨૧ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જેના બદલામાં આરોપી જયંતિ પટેલએ કોરા ચેક આપ્યા હતા. જે ચેક બાઉન્સ થતા ફરિયાદીએ ઓલપાડ કોર્ટ સુરતમાં નેગો. એકટ મુજબ કેસ કર્યો હતો. જેના પક્ષમાં આરોપીએ બચાવ રજૂ કરતા જણાવ્યું હતું કે કોરા ચેકનો દુરઉપયોગ કરવામાં આવ્યો છે. જે કેસ ચાલી જતા અને બચાવપક્ષના વકીલની ધારદાર દલીલોને ધ્યાનમાં લઈ અને ફરિયાદીએ નાણાં ક્યારે આપ્યા અને આટલા નાણાં ક્યાંથી લાવ્યા તે ખુલાસો ન કરી શકતા અને પોતાના આરોપ સાબિત નહિ કરી શકતા નામદાર કોર્ટ દ્વારા આરોપી જયંતિ પટેલને નિર્દોષ કરાર આપી છોડી મુકવા હુકમ કર્યો હતો. બચાવપક્ષે વકીલ દીપીલ એમ. ભટ્ટ દ્વારા દલીલો કરવામાં આવી હતી.

# લોહાણા મહાજન કોડીનાર દ્વારા અઢાર પુરાણ મહા જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન

કોડીનાર, તા.૨૧



તસવીર : અનિલ કાનાબાર

આગામી તા.૭-૭-૨૪ થી ૨૪-૭-૨૪ દરમ્યાન કોડીનારના આંગણે માર્કેટીંગ યાર્ડ ખાતે શ્રી લોહાણા મહાજન તેમજ સમસ્ત રઘુવંશી સમાજ કોડીનાર દ્વારા શ્રી અઢાર પુરાણ મહા જ્ઞાનયજ્ઞ મહોત્સવનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તેનું નિમંત્રણ આપવા માટે શુભ અવસરની નિમંત્રણ પત્રિકા (કંકોત્રી ) લખવાના કાર્યક્રમનું આયોજન અહીંના શ્રી જલારામ બાપાના મંદિર, શ્રી લોહાણા મહાજન વાડી કોડીનાર ખાતે કરવામાં આવ્યું હતું.

# ઉના તાલુકાના બરડા ગામની સીમ વિસ્તારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ઉના,તા.૨૧

ઉનાનાં બરડા ગામની સીમ વિસ્તારમાં આવેલ નિલેશ જયસુખ ગોસ્વામીની વાડીમાં વિદેશી દારૂની બોટલની હેરાફેરી થતી હોવાની બાતમી આધારે પો.ઈન્સ. એમ.એન. રાણા તથા સર્વેલન્સ સ્કવોર્ડના પો.સબ.ઈન્સ આર.પી. જાદવ, ધર્મેન્દ્રસિંહ પરમાર, જોરૂભા મકવાણા પો.હેડ.



તસવીર : કૈલાસ ભટ્ટ

કોન્સ., નાનજીભાઈ ચારણીયા, હરપાલસિંહ ચુડાસમા સહિતના સ્ટાફ દ્વારા બીટ વિસ્તારમાં પ્રોહીબિશન અંગે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સંયુક્ત બાતમીના આધારે રેઈડ કરતાં વાડીમાં રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની નાની-મોટી બોટલ નંગ-૩૦૫ કુલ કિં.રૂ.૧,૦૦,૬૮૦/નો જથ્થો ઝડપી પાડી નિલેષ જયસુખભાઈ ગોસ્વામી રહે. સામતેર, જગુભાઈ ધીરૂભાઈ ખસીયા રહે.ઉમેજ સીમ વિસ્તાર વાળાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગીર સોમનાથ જિલ્લામાં શિવસેનાનો ૫૮ મો સ્થાપના દિવસ ઉજવાયો



કોડીનાર, તા.૨૧

શિવસેનાના ૫૮ મા સ્થાપના દિવસ નિમિત્તે શિવસેના ગીર સોમનાથ દ્વારા બાલા સાહેબ ઠાકરેજીને પુષ્પાંજલિ અર્પણ કરી નાના બાળકોને બિસ્કીટ તેમજ આઈસ્ક્રીમનું વિતરણ કર્યું હતું. જેમાં શિવસેના ગીર સોમનાથ જિલ્લા પ્રમુખ રાજુભાઈ બાંભણીયા, ઉપપ્રમુખ નાગજીભાઈ ભાલીયા, મહિલા મોરચા પ્રમુખ શ્રીમતી વનીતાબેન વાળા, કોડીનાર તાલુકા પ્રમુખ રમેશભાઈ સહિતના હોદ્દેદારો તેમજ શિવસૈનિકો હાજર રહ્યા હતા.

# ધોરાજી વૈષ્ણવ ગ્રુપ દ્વારા સનાતન ધર્મ પર લાંછન લગાડતી ફિલ્મ 'મહારાજ'નો વિરોધ

ધોરાજી, તા. ૨૧

ધોરાજી VYO વૈષ્ણવ ગ્રુપ દ્વારા સનાતન ધર્મને લાંછન લગાડતી ફિલ્મ 'મહારાજ'નો વિરોધ દર્શાવી અને જો સરકાર આ બાબતે મંજૂરી આપશે તો બંધનું એલાન અને જલદ કાર્યક્રમો આપવાની પણ જાહેરાત કરી હતી. ધોરાજી VYO વૈષ્ણવ ગ્રુપના પ્રમુખ પી.સી. ગુંદણીયા, એડવોકેટ બાબુભાઈ જાગાણી , મુન્નાભાઈ રાખોલીયા, આરડીસી




તસવીર : નયન ફુહાડીયા

બેંકના કર્મચારી નીતિનભાઈ જાગાણી, અશોકભાઈ હિંસુ વિગેરેએ વૈષ્ણવ સમાજ વતી જણાવેલ કે તાજેતરમાં જ મહારાજ ફિલ્મનું પ્રસારણ થવાનું હતું પરંતુ અમો પૂજ્ય ગુરુદેવ શ્રી વ્રજરાજ કુમાર મહોદય શ્રીની આજ્ઞાથી સમગ્ર ગુજરાત અને વિશ્વના પુષ્ટિ સંપ્રદાયના વૈષ્ણવો દ્વારા મહારાજ ફિલ્મનો વિરોધ કરવામાં આવ્યો છે અને જો મહારાજ ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવશે તો નાછૂટકે બંધનું એલાન અને જલદ કાર્યક્રમો કરવાની જાહેરાત કરી હતી.

# ગોંડલમાં યોગ દિવસની ઉજવણી: ૧૫૦૦થી વધુ લોકોએ યોગાસનનો અભ્યાસ કર્યો

ગોંડલ,તા.૨૧

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ગોંડલ તાલુકા વહીવટી તંત્ર દ્વારા ગોંડલના સંગ્રામજી હાઈસ્કૂલ ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ ગોંડલ પ્રાંત અધિકારી રાહુલ ગમારા હતા. કાર્યક્રમની શરૂઆત ધોળકિયા ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા યોગ પર આધારિત સુંદર નૃત્ય પ્રસ્તુતિથી કરવામાં આવી હતી. ત્યારબાદ ગોકુલ નેચર ક્યોર



સેન્ટર - ગોમટાના ટ્રેનરો દ્વારા પ્રાર્થના કરવામાં આવી અને યોગાના વિવિધ આસનોનું શિક્ષણ આપવામાં આવ્યું. આ પ્રસંગે ગોંડલ પ્રાંત અધિકારી રાહુલ ગમારા, DYSP કે.જી. ઝાલા, નગરપાલિકાના ચીફ ઓફિસર એ.જે. વ્યાસ, નગરપાલિકા પ્રમુખ મનીષભાઈ ચનીયારા, સીટી મામલતદાર ડી.ડી.ભટ્ટ, તાલુકા મામલતદાર આર.બી. ડોડીયા, તાલુકા વિકાસ અધિકારી એમ.એમ. ઉકવાલા, બ્લોક હેલ્થ ઓફિસર જી. પી. ગોયલ સહિતના અધિકારીઓ, રાજકીય આગેવાનો, વિવિધ સમાજના પ્રતિનિધિઓ, સામાજિક સંસ્થાના આગેવાનો, બ્રહ્માકુમારીઝના બહેનો, પોલીસ કર્મચારીઓ, નગરપાલિકાના કર્મચારીઓ અને ૧૫૦૦થી વધુ ઉત્સાહી લોકોએ યોગાસનનો અભ્યાસ કર્યો.

અકસ્માત સર્જી ડમ્પરચાલક ફરાર થઈ ગયો

# લખતર-વિરમગામ હાઈવે પર ડમ્પર-બાઈક વચ્ચે અકસ્માત : ૩ના મોત



સુરેન્દ્રનગર,તા.૨૧

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર-વિરમગામ હાઈવે પર અકસ્માતોના બનાવો અવારનવાર સામે આવી રહ્યા છે. એમાંય ખાસ કરીને લખતરથી વિઠ્ઠલાપરા સુધી નવો ફોરલેન રોડ બન્યા બાદ અકસ્માતોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે લખતર-વિરમગામ હાઈવે પર આવેલા વિઠ્ઠલગઢ ગામ પાસે બાઈક અને ડમ્પર વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકમાં સવાર ત્રણ યુવકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણેય યુવક દલિત સમાજના હોવાનું સામે આવ્યું હતું. જેમાં બે યુવક ગૌતમભાઈ દેવીદાસ પરમાર અને જીગાભાઈ કિસાભાઈ બાવળિયા વિઠ્ઠલગઢનાં અને ત્રીજો યુવક અશોકભાઈ મફાભાઈ સેનવા વિરમગામ તાલુકાના ધુલેટા ગામનો વતની હોવાનું સામે આવ્યું છે. આ અકસ્માત બાદ ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં બાઈકને ડમ્પરે રોડ પર ૫૦ મીટરથી વધારે ઢસડ્યું હોવાનું સામે આવ્યું હતું. અકસ્માતની જાણ લખતર પોલીસને થતા લખતર પોલીસ તાકીદે ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્રણેય યુવકોની લાશને પીએમ અર્થે લખતર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ ઘટનાના પગલે લોકોના ટોળેટોળા બનાવના સ્થળે ઉમટ્યા હતા.

દેશભરમાં યોગ દિવસની ઉજવણી

# નડાબેટમાં રાજ્યકક્ષાના યોગ દિવસની ઉજવણી કરતા ભૂપેન્દ્ર પટેલ

(એ.આર.એલ),પાલનપુર,તા.૨૧

દેશભરમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બનાસકાંઠાના નડાબેટમાં રાજ્યકક્ષાના યોગ દિવસની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નડાબેટમાં રાજ્ય સરકાર અને બીએસએફના સહ આયોજનથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નડાબેટમાં યોગ દિવસની ઉજવણી કરી.

ગુજરાતમાં નડાબેટ ખાતે રાજ્યકક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે, રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સ – બીએસએફના સહયોગથી આ રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નડાબેટમાં વિવિધ યોગાસન કર્યા હતા. ગુજરાતના ૩૧૨ સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



આ ઉપરાંત ગ્રામ પંચાયત સ્તરથી લઈને મહાનગરપાલિકાના વોર્ડ કક્ષા સુધી, શાળા, કોલેજ, આઈ.ટી.આઈ., જેલ, પોલીસ, આરોગ્ય સેવા જેવા વિભાગો અને યોગપ્રેમી નાગરિકોની ભાગીદારી સાથે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમગ્ર ગુજરાત યોગમય બની ગયું હતું. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે વિવિધ યોગાસનો કરી યોગને દૈનિક જીવનનો ભાગ બનાવવા ગુજરાતના લોકોને અપીલ કરી હતી. સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે દિવસની શરૂઆત યોગથી થાય એનાથી વધુ સુંદર, શાંતિદાયક અને સ્વાસ્થ્યપ્રદ બીજું કંઈ નથી. તેમણે કહ્યું કે આપણે સૌ યોગને રોજિંદા જીવનનો અભિન્ન હિસ્સો બનાવીએ, જીવનને યોગમય બનાવીએ અને યોગ થકી ઉત્તમ મનુષ્ય, ઉત્તમ સમાજ અને ઉત્તમ રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

# 'મહારાજ' જોયા બાદ હાઈકોર્ટે સ્ટે ઉઠાવતા ફિલ્મ જોઈ શકાશે




અમદાવાદ,તા.૨૧

બોલિવૂડ એક્ટર આમિર ખાનના પુત્ર જુનૈદ ખાનની 'મહારાજ' ફિલ્મ પર લાગેલા સ્ટેને લઈને ગુજરાત હાઈકોર્ટમાં છેલ્લા ત્રણ દિવસથી સુનાવણી હાથ ધરાઈ હતી. જજ સંગીતા વિશેનની બેંચ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં બંને પક્ષકાર દ્વારા દલીલો કરવામાં આવી હતી અને ફિલ્મ પર સ્ટે યથાવત્ રાખવામાં આવ્યો હતો. ત્યારે આજે ગુજરાત હાઈકોર્ટે મહારાજ ફિલ્મ પરથી સ્ટે હટાવી દીધો છે. હાઈકોર્ટે લગભગ ૧ કલાક અને ૨૫ મિનિટ સુધી જજમેન્ટ ડિકટેટ કર્યુ. નોંધ્યું કે, હાઈકોર્ટે ફિલ્મ જોઈ તેમાં કોઈ નકારાત્મક બાબત લાગી નથી. ફિલ્મ ધાર્મિક લાગણીઓ દુભાવનારી નથી. હાઈકોર્ટે વચગાળાનો સ્ટે દૂર કરતા હવે નેટફલીકસ અને યશરાજ ફિલ્મ્સ મૂવી રિલીઝ કરી શકશે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, હાઈકોર્ટે ફિલ્મ જોઈ સ્ટે હટાવ્યો છે. કોઈ ઓથોરિટી ફિલ્મને સર્ટિફિકેટ આપે તેના કરતાં હાઈકોર્ટ ઉપર અમને વધુ વિશ્વાસ છે. અમારી ફરિયાદ બરોબર હતી.

કર્મચારીને બોસ સાથે ખટરાગ થાય તો નોકરીમાંથી કાઢી મુકવામાં આવે છે

# કંપનીના માલિક કર્મચારીને મનફાવે તેમ નોકરીમાંથી કાઢી ન શકે : હાઈકોર્ટનો નિર્ણય

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૧

ઘણીવાર આપણે જોતા હોઈએ છીએ કે, કર્મચારી ઘણાં વર્ષોથી એક કંપનીમાં કામ કરતો હોય છે. જોકે, કોઈ વાતે બોસ કે મેનેજમેન્ટ સાથે ખટરાગ થાય તો તેને તાત્કાલિક નોકરીમાંથી તગેડી મુકવામાં આવતો હોય છે. કાલથી ના આવતા એવું કહીને તેને ઘરે કાઢી મુકવામાં આવે છે. પરંતુ આ પ્રકારનું વર્તન બિલકુલ યોગ્ય નથી અને તે નહીં ચલાવી લેવાય. તેના માટે ગુજરાત હાઈકોર્ટે કર્મચારીઓના હક્કમાં એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે.

કર્મચારીને માંદગીના કારણોસર નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. જેને હાઈકોર્ટે ગેરકાયદેસર અને અયોગ્ય ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, કર્મચારીને કાઢી મુકવામાં આવતા આ મુદ્દે કંપની સામે પરિવાર દ્વારા કેસ કરવામાં આવ્યો હતો. ગુજરાત



હાઈકોર્ટે નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના એક મૃતક કર્મચારીની વિધવાને ૫ લાખનું વળતર આપવાનો ચુકાદો આપ્યો છે. કર્મચારીને માંદગીના કારણોસર નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા, જેને હાઈકોર્ટે ગેરકાયદેસર અને અયોગ્ય ગણાવ્યું હતું.

કોર્ટ સિંગલ જજના આદેશ સામે દાખલ કરવામાં આવેલી અપીલનો નિર્ણય કરી રહી હતી જેના દ્વારા કર્મચારીની રિટ અરજી ફગાવી દેવામાં આવી હતી.

**હાઈકોર્ટે આપેલાં ચુકાદાના મુખ્ય મુદ્દાઃ**

» કર્મચારીને નિમણૂકની શરતોનો ભંગ કરીને નોકરીમાંથી કાઢી મૂકવો ગેરકાયદેસર છે.

» માંદગીના કારણે કર્મચારીને નોકરીમાંથી કાઢી શકાય નહીં, પરંતુ તેમને યોગ્ય સમયગાળા માટે રજા આપવી જોઈએ અથવા તેમને બીજી જગ્યા ફાળવવી જોઈએ.

» મેડિકલ બોર્ડના અભિપ્રાય મુજબ કર્મચારીને કોઈપણ અન્ય પદ પર ચાલુ રાખવાની જવાબદારી યુનિવર્સિટીની રહેશે.

» બંધારણીય અદાલતોનું કાર્ય ગેરકાયદેસર અને મનસ્વી વહીવટી કાર્યવાહીને રદ કરીને કાયદાનું શાસન જાળવવાનું છે.

» હાઈકોર્ટે યુનિવર્સિટીને ત્રણ મહિનામાં મૃતક કર્મચારીની વિધવાને ૫ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

» આ ચુકાદો કર્મચારીના અધિકારો અને કાયદાના શાસનના મહત્વને ધ્યાનમાં રાખે છે.

દરિયો ન ખેડવા માછીમારોને સૂચના

# રાજ્યમાં આગામી ૭ દિવસમાં વરસાદ : હવામાન વિભાગ



અમદાવાદ,તા.૨૧

ગુજરાત રાજ્યમાં જૂન બાદ ચોમાસાની શરૂઆત થઈ જતી હોય છે. ત્યારે ચોમાસુ નવસારીમાં અટવાઈ ગયું છે. પરંતુ વિવિધ સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાવાને કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા વરસી રહ્યા છે. ત્યારે હજુ પણ આગામી સાત દિવસ માટે હળવો તો ક્યાંક મધ્યમ તો કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. આ ઉપરાંત રાજ્યના અનેક જિલ્લાઓમાં મેઘગર્જનાની પણ સંભાવના છે. ત્યારે આવતીકાલે જેઠ સુદ પૂનમના દિવસે ગુજરાતના અમદાવાદ શહેરમાં આવેલા જગન્નાથ મંદિર રથયાત્રા પૂર્વે જલયાત્રા યોજાય છે તે દરમિયાન અમદાવાદ શહેરમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ જળયાત્રાના દિવસે મેઘમહેર થઈ હતી. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે ઉત્તર ગુજરાતના જિલ્લાઓ જેવા કે, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ અને દાહોદમાં ભારે વરસાદની શક્યતા છે. તેનું કારણ જણાવતાં હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, હાલમાં રાજસ્થાનના દક્ષિણ પશ્ચિમ ભાગમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે તેને કારણે સમગ્ર ગુજરાત રાજ્યમાં વરસાદની શક્યતા છે. આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તરોમાં ૩૫થી ૪૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

# રાજકોટ અગ્નિકાંડ : આજે 'સીટ' સત્તાવાર માહિતી જાહેર કરશે

## મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ અને માર્ગ-મકાન વિભાગના કર્મચારીઓ જવાબદાર



રાજકોટ,તા.૨૧

રાજકોટ અગ્નિકાંડ મામલે રચવામાં આવેલી SIT દ્વારા લાગતાવળગતા તમામ વિભાગના અધિકારીઓનાં નિવેદનો લેવાની પ્રક્રિયા કરવામાં આવી છે. બુધવારે મોડીરાત્રે બે વાગ્યા સુધી નિવેદનો લેવામાં આવ્યાં હતાં. વહેલી સવાર સુધી કામગીરી કરવામાં આવી હતી. ખૂબ મોટી સંખ્યામાં અધિકારીઓ અને લાગતાવળગતા વિભાગના તમામ લોકોનાં નિવેદનો લેવામાં આવ્યાં છે. તમામની જવાબદારી નક્કી કરવામાં આવી છે. આવતીકાલે વહેલી સવાર સુધીમાં એસઆઈટી દ્વારા સત્તાવાર રીતે માહિતી આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૩ જૂન ૨૦૨૪ના રોજ રાજકોટ TRP ગેમઝોન દુર્ઘટના મામલે નિમાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે તપાસ અહેવાલ હાઈકોર્ટમાં રજૂ કર્યો હતો. SITએ તેના રિપોર્ટમાં ચોંકાવનારાં તારણો રજૂ કર્યાં હતાં. સીટના અધ્યક્ષ સુભાષ ત્રિવેદીના રિપોર્ટમાં એવું તારણ રજૂ કરાયું હતું કે TRP ગેમિંગ ઝોનમાં આગથી મૃત્યુ પામેલા ૨૭ લોકોનાં મોત માટે મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ વિભાગ અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ જવાબદાર છે.

ત્રણેય વિભાગની સંયુકત બેદરકારી અને મેળાપીપણામાં આ દુર્ઘટના બની છે. TRP ગેમિંગ ઝોનના માલિકો સૌથી મોટા ગુનેગાર છે.

# સુરતમાં આખી રાત ચાર્જિંગમાં મૂકેલા ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટ થતા યુવતી આગમાં ભડથું

(એ.આર.એલ),સુરત,તા.૨૧

સમયની માંગ અને વધતા જતા પેટ્રોલ ડીઝલના ભાવના કારણે ધીમે ધીમે લોકો ઈલેક્ટ્રિક વ્હીકલ તરફ વળ્યા છે. સરકાર પણ લોકો ઈલેક્ટ્રિક વ્હીકલનો ઉપયોગ કરે તેના માટે પ્રયત્નો કરી રહી છે. પરંતુ શું આ ઈલેક્ટ્રિક વ્હીકલ સુરક્ષિત છે તે પ્રશ્ન લોકોને મૂંજવી રહ્યો છે.



અવારનવાર ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટના સમાચાર વાંચવા મળે છે. ત્યારે આજે સુરતમાં વધુ એક ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટ થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. સુરતના ગડોદરા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ઈ-બાઈકની બેટરીને ચાર્જીંગ મુકવામાં આવી હતી જેમાં આજે વહેલી સવારે બ્લાસ્ટ થતાં આગ લાગતાં ૧૮ વર્ષની એક યુવતીનું મોત નિપજ્યું છે જ્યારે ૪ લોકો દાઝી ગયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

આ આગ જોતજોતામાં ઘરમાં રહેલા સિલિન્ડર સુધી પહોંચી જતાં સિલિન્ડર પણ બ્લાસ્ટ થયો હતો. જેના લીધે ઘરમાં હાજર સભ્યો આગની ચપેટમાં આવી ગયા હતા અને આ ચારેય લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. સિલિન્ડરમાં બ્લાસ્ટ એટલો ભયંકર હતો કે જેના લીધે એક દિવાલ અને દરવાજો પણ તૂટી ગયા હતા. ઘટના અંગે જાણ થતાં સુરત ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

ફાયર વિભાગના કર્મચારીએ બીજા માળે આવેલી મકાનની ગેલેરીમાં ફસાયેલા ૩ લોકોનું રેસ્ક્યૂ કર્યુ હતું. જેમાં ૧ મહિલા, ૧ બાળક અને એક મોટી વયના વ્યક્તિનું રેસ્ક્યૂ કર્યુ હતું.

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/– થી ૮,૫૦૦/–
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/– થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

# ઉના - ભાવનગર હાઈવે પર બાઈક ડિવાઈડર સાથે અથડાતાં બે યુવાનોના મોત



ઉના, તા.૨૧

ઉના ભાવનગર નેશનલ હાઈવે રોડ પર સર્જાયેલા અકસ્માતમાં જાફરાબાદના બે યુવાનોના મોત થયા હતા. મૃતકો ઉનાથી જાફરાબાદ તરફ જતા હતા ત્યારે બાઈક અચાનક હાઈવે રસ્તા પર ડિવાઈડર સાથે અથડાતા એકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે બીજા યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગેની જાણવા મળતી વિગતો મુજબ અમરેલી જિલ્લાના જાફરાબાદ રહેતા ગોપાલ અશોકભાઈ બારીયા તેમજ મિલન રામજીભાઈ બાંભણીયા બંને મિત્રો બાઈક પર ઉનાથી જાફરાબાદ તરફ જઈ રહ્યા હતા. એ દરમ્યાન ઉના ભાવનગર નેશનલ હાઈવે રોડ પર આવેલ ગાંગડા ગામ નજીક ચામુંડા હોટલ પાસે બાઈક ચાલકે સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા હાઈવે રોડના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને મિત્રોને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા એકનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. જ્યારે બીજા મિત્રને પણ ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક ઉના ખાનગી હોસ્પિટલે સારવાર અર્થે ખસેડવામાં આવેલ ત્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. બંને મિત્રોના મોતના પગલે પરિવારજનો શોકમગ્ન બની ગયા હતા.

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસડકોલ કરો અને SMS થી ભાવ જાણો.
તેમજ Whatsapp DP માં ભાવ જુઓ.